॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ડિસેમ્બર - ૨૦૧૧

રૂા. ૫-૦૦



ધામધૂમથી ઉજવાયો શ્રી સ્વામિનારાયણ મંદિર એલ્ડોરેડ કેન્યાનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ














(૧-૨) શ્રી ઠાકોરજીની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા (૩-૪) નૂતન મંદિરમાં બિરાજતા ઠાકોરજીની આગળ ધરાવાયો મહા અન્નકૂટ (બન્ને મંદિર) (૫) અન્નકૂટ તથા પ્રતિષ્ઠાની સાથે આરતી કરતા પ.પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામી (૬) કથા શ્રાવણ કરતા વિશાળ સંખ્યામાં બહેનો તથા મંદિરના વિશાળ પટાંગણમાં હરિભકતો (૭-૮) સ્થાનિક ગરીબ લોકોને સહાય રેડ ક્રોસ્સના માધ્યમથી પહોંચાડાઈ










(૧-૨) વિશ્નુંયાગની પૂર્વે તૈયારી માટે દેહ શુદ્ધિ (૩) યજ્ઞશાળામાં શ્રી ઠાકોરજીનો અભિષેક કરતા સંતો (૪)..................... ............... ............... મંદિરનું ઉદ્‌ઘાટન પૂ. મહારાજશ્રી અને પૂ. મહંત સ્વામી (૫) શિખરના યમાનશ્રીઓ (૬) ત્રિદીવસીય વિશ્વુંયાગની સમાપ્તીમાં શ્રીફળ હોમતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી સાથે યજમાનો (૭) મંદિરના ચોકમાં બિરાજતા શ્રી નીલકંઠવર્ણી (૮) મંદિરના ચોકમાં વૃક્ષરોપણ કરતા પ.પૂ. મહારાજશ્રી તથા સંતો.

















(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી ભુજ પાલારા જેલના કેદીઓ માટે કોમ્પ્યુટર આપતા ટ્રસ્ટીશ્રી તથા સંતો. (૨) ભુજ મંદિરે તુલસી વિવાહ પ્રસંગે હોમવિધિ કરતા યજમાનશ્રીઓ. (૩) તુલસી વિવાહ પ્રસંગે લાલજીને પોખતાં સાં.યો. મહંત સામબાઈ ફોઈ - ભુજ. (૪) તુલસી વિવાહના લાલજી મહારાજની શોભાયાત્રા - ભુજ. (૫) છપૈયાની પદયાત્રાએ જતા સંતો હરિભક્તોને પૂ. મહંત શ્રી વિદાય આપી રહ્યા છે. (૬) ભુજ મંદિરની વાડીમાં ઘાસ કાઢવાના નવા મશીનનું ઉદ્‌ઘાટન કરતા પૂ. મહંત સ્વામી. (૭) બાઈઓના મંદિરમાં મહાપૂજા કરતાં સાં.યો. બહેનો તથા ક.યો. બહેનો. (૮) અંજાર શ્રી સ્વા. ના નૂતન મંદિરનું ભૂમિપૂજન કરતા સાં.યો. ત્રિવેણી બહેન તથા બહેનો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવસેવા પ્રભુસેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**:: લવાજમ ::**

દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૧૨ - ડીસેમ્બર-૨૦૧૧
સળંગ અંક - ૩૧૩

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

આપણા હિન્દુસ્થાન દેશમાં સમાજજીવન ધર્મ પર અવલંબિત છે. ધર્મ એ જ જીવનનો પ્રાણ છે. ધર્મરહિત જીવન શ્વાસોચ્છવાસ કરતી ધમણ જેવું છે.

ધર્મને સમજવા ચર્ચા અને વાદવિવાદને બદલે ભગવાન સહજાનંદ સ્વામીએ ''શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદન કર્યો જે સદાચાર તે ધર્મ જાણવો'' એ પ્રમાણે એક જ વાક્યમાં ધર્મની વ્યાખ્યા આપી દીધી છે. ઉપરાંત સદાચાર-ધર્મના નિયમો આપી તે નિયમોનું પાલન કરવાની આજ્ઞા આપી છે. નિયમોનું પાલન કરનાર આ લોક અને પરલોકમાં મહાસુખને પામે છે તેની ખાત્રી આપી છે. ધર્મના નિયમોની અવગણના કરનાર મહાદુઃખનો ભોગ બને છે.

શાસ્ત્રમાં ધર્મની ગતિ ઉતાવળી કહી છે. ધર્મકાર્યમાં ઢીલ ન કરવી. ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું. શ્રીજીમહારાજની આજ્ઞા છે.

ધર્મના નિયમોએ વર્ણને અનુલક્ષીને તથા આશ્રમને અનુલક્ષીને કહેલા છે. બન્ને મળીને વર્ણાશ્રમધર્મ કહેવાય છે. શ્રીજીમહારાજે રામપર ગંગાજી ઉપર શ્રી શિવમંદિરમાં બિરાજી વર્ણાશ્રમ ધર્મના નિયમોની કથા કહી છે. આ કથા ધર્મનિયમોની વિસ્તૃત સમજ આપે છે.

કવિ કહે છે, ''ધર્મ વિચારો રે ધર થકી તજી કપટ તમામ'' ભગવાને પરધર્મનું, પાખંડ ધર્મનું તેમજ કલ્પિત ધર્મનું આચરણ ન કરવું એવી બોધદાયક આજ્ઞા કરી છે.

ધાર્મિક આચરણ એટલે શાસ્ત્રશુધ્ધ આચરણ. ''આચારઃ પ્રથમો ધર્મઃ'' આચરણ એ પ્રથમ ધર્મ છે. જીવનની પ્રત્યેક ક્રિયામાં ધર્મના નિયમનું પાલન થવું જોઈએ. ભગવાને ભક્તિ પણ ધર્મસહિત જ કરવા કહ્યું છે. મન દૃઢ હોય તો ધર્મનું પાલન અઘરું નથી. ગોળમેજી પરિષદમાં લંડન ગયા ત્યારે મદનમોહન માલવિયાજી પીવા માટે જરૂર જેટલું ગંગાનું પાણી અને હસ્તશુધ્ધિ માટે ખપ જેટલી માટી સાથે લઈ ગયા હતા. ''મન હોય તો માળવે જવાય''

વિપરિત દેશકાળમાં પણ ધર્મભક્તિમાં દૃઢ રહી વિકાર ન પામે એ જ ખરા અર્થમાં ધર્મપ્રિય છે. શ્રીહરિનો એ હૃદયગત અભિપ્રાય છે. કોઈપણ સંજોગો શૂરા ધર્મીપ્રેમીને ચલિત કરી શકે નહીં, કહ્યું છે કે - ''ધર્મ ગયે ધરા મળે કરવું સર્વ હરામ'' મહારાણા પ્રતાપ ધર્મની રક્ષા માટે રાજ્યને ત્યજી દઈ અરવલ્લીના પહાડોમાં ખુલ્લે પગે ફર્યા. છત્રપતિ શિવાજીએ પોતાના અસ્તિત્વને હોડમાં મૂકી હિન્દુધર્મની પત રાખી.

તાજેતરમાં આફ્રિકામાં હિન્દુ કાઉન્સીલ ઓફ આફ્રિકા તરફથી પ્રથમ આફ્રિકન મહિલા વંગારી મઘાઈએ નાઈરોબીમાં હિન્દુ સ્મશાનભૂમિની મુલાકાત સમયે મૃત્યુ પછી અંત્યેષ્ટિ ક્રિયામાં લાકડાંને બદલે વીજળી અથવા પેટ્રોલિયમ પદાર્થ વાપરવા કરેલ સૂચનનો અસ્વીકાર કર્યો. તેમણે મઘાઈને હિન્દુ ધર્મ અને પરંપરાગત સંસ્કૃતિની ભાવનાની રજુઆત કરી, ચાલીસ હજાર વૃક્ષો ઉછેરવાનું નક્કી કરી કાષ્ઠ વડે જ અગ્નિસંસ્કાર કરવાનું ચાલુ રખાવ્યું છે. હિન્દુ ધર્મનું ગૌરવ કરનારી આ ઘટના નોંધપાત્ર છે.

આજે કલિયુગના ઓછાયામાં આવી ગયેલા સેક્યુલર (બિનમઝહબી) મતીયાઓએ હિન્દુધર્મને લૂલો કરી નાખ્યો છે. પરિણામે સમાજમાં વ્યભિચાર, ભ્રૂણહત્યા, અપહરણ, ખૂન, બળાત્કાર, લૂંટ મારફાડ વગેરેનું શયતાની સામાજ્ય વિસ્તરી ચૂક્યું છે. ધર્મપ્રિય વિચારકો અને ધર્મધુરંધરોએ આ મહારોગનું ઓપરેશન કરવાના પડકારને ઝીલી લેવો જોઈએ. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

***લેખાંક – ૩***

**લેખક :- ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય**

**(ગતાંકથી ચાલુ)**

*શ્રીભાષ્યમાં शास्त्रयोनित्वात् १-१-३ કૃષ્ણદ્વૈપાયન વ્યાસમુનિ કૃત બ્રહ્મસૂત્રની વ્યાખ્યા કરતાં ભગવદ્પાદ શ્રીરામાનુજાચાર્ય शास्त्रं यस्य योनिः कारणम् प्रमाणम् तत् शास्त्रयोनिः । तस्य भावः शास्त्रयोनित्वम् । तस्मात् ब्रह्मज्ञानकारणत्वात् शास्त्रस्य तद्योनित्वं ब्रह्मणः । અર્થાત્ બ્રહ્મનો પરિચય (જ્ઞાન) કરાવવામાં શાસ્ત્ર જ હેતુ (કારણ) છે. તેથી શાસ્ત્રોને બ્રહ્મ યોનિ અર્થાત્ કારણ કહ્યું છે.*

**મનુ મહારાજ કહે છે -**

**अग्निवायुविभ्यस्तु त्रयं ब्रह्म सनातनम् ।**
**दुदोह यज्ञसिद्धयर्थमृग्यजुः सामलक्षणम् ।। (मनु. १-२३)**

*જે પરમાત્માએ સૃષ્ટિના પ્રારંભમાં મનુષ્યની ઉત્પત્તિ કરીને અગ્નિ આદિ ચારો મહર્ષિઓ દ્વારા ચારો વેદોનો પ્રકાશ બ્રહ્મા દ્વારા કરાવ્યો. આ પ્રમાણે વેદની રચના કોઈ ઋષિ કે પુરુષ દ્વારા થઈ નથી સ્વયં પરમાત્માએ સૌ પ્રથમ વેદનું ગાન કર્યું. પરમાત્મા કોઈ ઋષિ કે પુરુષ કોટીમાં માનવામાં નથી આવતા. પરમાત્મા અપૌરુષ છે તેથી વેદ પૌરુષેય નથી પરન્તુ અપૌરુષેય છે.*

**तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे ।**
**छन्दांसि जज्ञिरे तस्मात् यजुस्तस्मादजायत ।।**

*આ મંત્ર ઋગ્વેદ (૧૦/૯૦/૯), યજુર્વેદ (૩૧/૭) તથા અથર્વવેદ (૧૯/૬/૧૩)માં આવે છે - સત્,ચિત્ આનન્દ સ્વરૂપ પરમાત્માથી જ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને છન્દાંસિ અર્થાત્ અથર્વવેદ ઉત્પન્ન થયા.*

**यत्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन् ।**
**सामानि यस्य लोमान्यथर्वाङ्गिरसो मुखम् ।**
**स्कम्भं तं ब्रुहि कतमः स्विदेव सः ।।**

*આ અથર્વવેદનો (૧૦/૭/૨૦) મંત્ર છે જે સર્વ શક્તિમાન પરમેશ્વર છે, તેનાથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચારે વેદ ઉત્પન્ન થયા છે. આ મંત્રમાં રૂપકાલંકારથી વિષયને સ્પષ્ટ કર્યો છે - ઋગ્વેદ જેના પ્રાણની સમાન છે યજુર્વેદ હૃદયની સમાન છે, સામવેદ કેશ (શિખા) ની સમાન છે અને અથર્વવેદ તેના મુખની સમાન છે.*

*આ જ મંત્રમાં એક પ્રશ્ન પણ કરવામાં આવ્યો છે કે ચારો વેદ જેનાથી ઉત્પન્ન થયા છે તે દેવ કોણ છે ? તેનો પણ ઉત્તર મંત્રમાં આપવામાં આવ્યો છે - જે સર્વે જગતને ધારણ કરનાર પરમેશ્વર છે તેનું નામ* **'સ્કમ્ભ'** *છે તેને જ તું વેદોના કર્તા સમજ.*

**काव्येन सत्यं जातेनास्मि जातवेदाः ।**

**આ અથર્વવેદનો મંત્ર છે**-*ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ રૂપ કાવ્ય બતાવ્યું છે, તેથી હું સાચે જ* **'જાતવેદ'** *છું. તે સર્વજ્ઞાનમય પરમાત્માથી વેદ ઉત્પન્ન થયા છે તેથી પરમાત્માનું નામ* **'જાતવેદ'** *છે.*

**આ શતપથ બ્રાહ્મણનું વચન છે - *યાજ્ઞવલ્ક્ય મહાન્ વિદ્વાન્ મહર્ષિ થયા. તે પોતાની પરમ વિદુષી પત્ની મૈત્રેયીને ઉપદેશ કરે છે કે - હે મૈત્રયી ! સર્વવ્યાપક મહાન પરમાત્માથી જ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ઉત્પન્ન થયા છે. જેમ મનુષ્યના શરીરમાંથી શ્વાસ બહાર આવે છે. તેવી જ રીતે સૃષ્ટિના પ્રારંભમાં પરમાત્મા થકી ચારો વેદ પ્રગટ થયા છે અને જેમ મનુષ્યના શરીરમાં શ્વાસ બાહર આવીને પાછો તેમાં ચાલ્યો જાય છે - અર્થાત્ શ્વાસ શરીરમાં લીન થઈ જાય છે. શરીરમાં શ્વાસ વારે વારે બાહર આવે છે વારે વારે લીન થઈ જાય છે પરન્તુ શ્વાસ ક્યારેય નષ્ટ પામતો નથી. તેવી રીતે સૃષ્ટિના અંતમાં વેદો સંસારમાં રહેતા નથી તે***

**પરમાત્માના ઉદરમાં લીન થઈ જાય છે. પરન્તુ નષ્ટ ક્યારે પામતા નથી. વેદ સદા વિદ્યમાન રહે છે. પુનઃ જ્યારે પરમાત્મા સૃષ્ટિ રચે છે ત્યારે પુનઃ વેદો પરમાત્મા થકી પ્રગટ થાય છે. જેમાં બીજમાં અંકુર પહેલેથી જ રહેલું હોય છે, પાણીના સંયોગથી વૃક્ષ રૂપ બની જાય છે. તેમાં વેદ પણ ઈશ્વરના જ્ઞાનમાં સર્વદા વિદ્યમાન રહે છે. જ્યારે સૃષ્ટિની રચના કરે ત્યારે તેની સાથે પ્રગટ કરે છે, અને જ્યારે સૃષ્ટિનો અંત કરે છે, ત્યારે વેદ પુનઃ પોતામાં લીન કરી લે છે. એથી સિદ્ધ થાય છે કે જેમ પરમાત્મા નિત્ય છે તેમ વેદો પણ નિત્ય છે. માત્ર પ્રગટ અને લીન અવસ્થામાં પરિવર્તિત થાય છે. અર્થાત્ લુપ્ત અને પ્રગટ થાય છે. પણ ક્યારેય નષ્ટ થતાં નથી જ્યારે તેને ધારણ કરનારા મહાન્ ઋષિ પવિત્ર આત્માઓ હોય ત્યારે વેદની ઋચાઓ તેના અંતરમાં પ્રગટ હોય છે. અને ધારણ કરનાર પવિત્ર યોગ્ય આત્માઓ નથી હોતા ત્યારે લુપ્ત અવસ્થામાં ચાલ્યા જાય છે. અર્થાત્ વેદની ઋચાઓ લુપ્ત અવસ્થામાં રહે છે. જ્યારે કોઈ મહાન્ આત્માઓ ઓછી સંખ્યામાં પ્રગટ જોવા મળે છે. ત્યારે વેદની ઋચાઓ પણ ઓછી સંખ્યામાં પ્રગટ હોય છે, પરન્તુ એક વાત સત્ય છે કે - "बहुरत्ना वसुन्धरा" આ પૃથ્વી પર કોઈ ન કોઈ મહાપુરુષો વિચરતા હોય છે. એવા મહાપુરુષોના અંતરમાં વેદ સદા પ્રગટ હોય છે. તેથી વેદની ઋચાઓ પણ ઓછી વધુ સંખ્યામાં પ્રગટ હોય છે. તેથી વેદ વિજ્ઞાન વિહિન આ પૃથ્વી ક્યારે પણ હોઈ શકે નહી.**

*પરમાત્માએ અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરા આ ચાર ઋષિઓના હૃદયમાં વેદોનો પ્રકાશ કર્યો. અને તેઓ દ્વારા સર્વત્ર સંસારમાં વેદના જ્ઞાનનો પ્રચાર થયો. જ્યારે જ્યારે કોઈ ઋષિઓને વેદમંત્રના અર્થને સમજવાની ઈચ્છા થઈ ત્યારે એકાન્તમાં જઈ ધ્યાનમગ્ન થઈ, પરમાત્મામાં લીન થઈ જાય ત્યારે પરમાત્મા સ્વયં તે મંત્રનું રહસ્ય સમજાવે છે. આ પ્રમાણે પરમાત્મા સ્વયં વેદના જ્ઞાન -વિજ્ઞાનની ધારા પવિત્ર ઋષિઓ દ્વારા વહેતી રાખે છે.*

*પરમાત્માએ જે જે મંત્રનો અર્થ જે જે ઋષિઓ દ્વારા પ્રગટ કર્યો તે મંત્રની સાથે તે ઋષિનું નામ જોડાઈ ગયું છે. આજે પણ તે મંત્રની સાથે ઋષિનું નામ પણ જોવા મળે છે. ઐતિહાસિક દૃષ્ટિથી જોઈએ તો જે જે મંત્રો ઋષિ દ્વારા પ્રગટ થયા - અર્થાત્ જે જે મંત્રદૃષ્ટા થયા તે તે ઋષિઓના નામ તે-તે મંત્રની સાથે તેની કીર્તિ માટે લખવામાં આવ્યા છે.*

**આહીં શંકા થાય કે - વેદો તો ઈશ્વરથી આવિર્ભૂત થાય છે તો વેદ મંત્રોની સાથે ઋષિનું નામ શા માટે ?**

*શંકાનું સમાધાન આચાર્ય યાસ્ક - લખે છે - साक्षात्कृतधर्माण ऋषयो बभूवुस्तेऽवरेभ्योऽसाक्षात्कृतधर्मभ्य उपदेशेन मन्त्रान् सम्प्रादुः ।। (નિ. ૧.૨૦) જે-જે મન્ત્રના રહસ્ય (અર્થ)નું દર્શન જે-જે ઋષિએ સર્વ પ્રથમ કર્યું અને તે મન્ત્રાર્થ બીજાને ભણાવ્યો. અર્થાત્ મન્ત્ર અને તેનો અર્થ પરંપરામાં સુરક્ષીત રહે. આ મન્ત્ર ઈતિહાસની પરંપરાની રક્ષા માટે આજ સુધી તે-તે મન્ત્રની સાથે તે-તે મન્ત્રાર્થ દૃષ્ટા ઋષિનું નામ સ્મરણ માટે લખાય છે. મન્ત્રની સાથે ઋષિનું નામ લખવું તેનો તાત્પર્ય એ નથી કે તે મન્ત્રના રચયિતા તે ઋષિ છે. તે મન્ત્રાના દૃષ્ટા અને મન્ત્રાર્થ-પ્રચારક ઋષિ છે.*

*शास्त्रयोनित्वात् ૧-૧-૩ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ મુનિ કૃત બ્રહ્મસૂત્રની વ્યાખ્યા લખતાં શ્રીશંકરાચાર્ય ભાષ્યમાં આ પ્રમાણે સ્પષ્ટતા કરે છે.*

*ऋग्वेदादेः शास्त्रस्यानेक विद्यास्थानोपबृंहितस्य प्रदीपवत्सर्वार्थावद्योतिनः सर्वज्ञकल्पस्य योनिः कारणं ब्रह्म । न ही दृशस्य शास्त्रस्यर्ग्वेदादिलक्षणस्य सर्वज्ञगुणान्वितस्य सर्वज्ञादन्यतः संभवोऽस्ति ।। અર્થાત્ ઋગ્વેદાદિ ચારો વેદ અનેક વિદ્યાઓથી યુક્ત છે તે સૂર્યની સમાન સત્ય પ્રકાશિત કરનાર છે, તેના રચયિતા સર્વજ્ઞાદિ ગુણો યુક્ત બ્રહ્મ છે. કારણ કે સર્વજ્ઞ બ્રહ્મ સિવાય કોઈ જીવ સર્વજ્ઞગુણ યુક્ત વેદોની રચના કરી શકે તેવું સંભવ જ નથી. ઋષિઓએ પણ વેદના એક પણ મન્ત્રની રચના કરી નથી તે માત્ર મન્ત્રાર્થના દૃષ્ટા અને પ્રચારક છે. મન્ત્રનું ગાન ભગવાને જ કર્યું છે. તેથી વેદ ભગવાનનું અનુપમ ગાન છે.*

**(ક્રમશઃ)**

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

*: ભુજના સત્સંગીઓની સત્સંગસભા :*

લાભપાંચમની પૂર્વ સંધ્યાએ તા. ૩૦-૧૦-૨૦૧૧, કારતક સુદ ૪, રવિવારે ભુજ નગરીના સમસ્ત સત્સંગીઓની વિશેષ સત્સંગસભા સાંજના સમયે યોજવામાં આવી.

સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના પ્રમુખસ્થાને મંદિરના પટાંગણમાં સાંજના સમયે યોજવામાં આવેલ આ સભામાં નાના-મોટા સંતો, સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો, મંદિર તથા સમાજના અગ્રણી હોદ્દેદારો તથા ભુજના હરિભક્ત સત્સંગી ભાઈઓએ ભરચક હાજરી આપી હતી.

શ્રીહરિના મંગલ સ્તવન પછી સભાના સંચાલક શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ દીપોત્સવ પર્વ નિમિત્તે યોજવામાં આવેલી આ સભામાં ઉપસ્થિત સર્વે ભક્ત ભાઈ-બહેનોને દીપોત્સવી તથા નૂતનવર્ષ પડવાના 'જય શ્રી સ્વામિનારાયણ' પાઠવી શુભેચ્છા દર્શાવી. બાદમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજના યુવાનોએ ભુજ નગરીમાં વસતા સત્સંગીઓને ઘરેઘર પહોંચીને પૂ. મહંતસ્વામીનો સૌને માટે ભક્તિભાવ સહિત સુખ-સમૃધ્ધિ છલકાવતો આશીર્વાદનો નૂતનવર્ષાભિનંદનનો પત્ર તથા નવા વર્ષનાં કેલેન્ડરની કરેલી વહેંચણીની વિગતો રજુ કરી હતી. ઉપરાંત અન્નકૂટનો પ્રસાદ 'રામરોટી કેન્દ્ર' તથા ગરીબો માટે કાર્યરત સંસ્થાઓને પહોંચાડી ગરીબજનોને અન્નકૂટનો પ્રસાદ આપવામાં આવ્યો હતો તેની જાણ કરવામાં આવી હતી.

પ.પૂ. મહંતસ્વામીએ સર્વેને નવા વર્ષમાં દૃઢભક્તિ ભાવમાં વૃધ્ધિ થાય અને શ્રીજીમહારાજની કૃપાથી સૌ સુખીયા રહે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અન્નકૂટના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું તે પછી સભા સમાપ્ત થઈ હતી.

*:: પંચાહ્ન કથા પારાયણ ::*

તા. ૩-૧૧-૧૧ થી ૭-૧૧-૧૧ દરમ્યાન પાંચ દિવસની કથાપારાયણનું આયોજન કરવામાં આવ્યું. યજમાનપદે ગામ મિરજાપરના પ.હ.ભ. નારણભાઈ વાલજી ભીમજી રાબડીયા, હ. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી રહ્યા હતા. કથા બન્ને મંદિરમાં કરવામાં આવી હતી. એક ઢોરના સાં.યો. બહેનોને નિમંત્રિત કરવામાં આવ્યાં.

કથાના વક્તા શા. સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી હરિમુકુંદદાસજીએ સ.ગુ. શતાનંદમુનિએ રચેલ સત્સંગિજીવનની કથાનું સરળ ભાષામાં સુભોગ્ય શૈલીમાં શ્રવણ કરાવી શ્રોતા ભક્તોને ભક્તિમય અમૃતરસનું પાન કરાવી તૃપ્ત કર્યા.

શા. સ્વામી પરમહંસદાસજીએ સ.ગુ. રામાનંદ સ્વામીનો અક્ષરવાસ શ્રીહરિના પટ્ટાભિષેક પછી થોડા સમયમાં જ થયેલો, પરિણામે સંતોમાં દ્વિધા પ્રવર્તની હતી કે સહજાનંદ સ્વામીને સંપ્રદાયનો ખાસ અનુભવ નથી, જેથી ઉદ્ધવ સંપ્રદાયની ગાદીની ધર્મધુરા સંભાળવા સમર્થ થશે કે કેમ ? પરંતુ શ્રીહરિએ સ.ગુ. સ્વામીની ઔર્દ્ધ્વદૈહિક ક્રિયાઓ પૂર્ણ

કર્યા પછી સંતોની સભા કરી, તેમને સંપ્રદાયનું કાર્ય સંભાળી સહિત કર્યા એ પ્રસંગ સમજાવી ધર્મ સંબંધી ચર્ચા કરી. ધર્મની વ્યાખ્યા-શ્રુતિસ્મૃતિએ પ્રતિપાદન કર્યો. જે સદાચાર તે ધર્મ છે-તેની વિસ્તૃત અને સરળ સમજણ આપી. ધર્મ પરિવાર-અધર્મ પરિવાર-તેમના ગુણ દોષ અને ફળશ્રુતિનું વ્યાવહારિક દૃષ્ટિએ દર્શન કરાવ્યું. લોભવૃત્તિ માટે નેમીરાજાના યજ્ઞ અને વશિષ્ઠની કથા બોધક બની. શા. સ્વામી હરિમુકંદ દાસજીએ શ્રીજીમહારાજ સાથે દેવીવાળા મગ્નીરામની જાણીતી કથાને રમુજનાં છાંટણાં સાથે ગંભીરપણે રજુ કરી. પોતાને સિંહ સમજી આવેલો તેને બકરી સમાન બનાવી ચોટલાનું મુંડન કરાવી દીધું અને તેણે કરગરી પડી આજીજી કરવાથી શિષ્ય બનાવી સાધુ કર્યો વગેરે રસમય વર્ણને શ્રોતાઓને ખુશ કરી દીધા. ઉપરાંત મહારાજે માંગરોળ વગેરે ગામોમાં કરેલી સભાઓ તથા હરિભક્તોને કરેલ ધર્મોપદેશની કથા સંભળાવી.

ઉપરાંત બન્ને કથાકાર શા. સંતોએ શ્રીહરિએ ગામોગામ વિચરણ કરી કરેલી સભાઓ, હરિભક્તોને કરેલ ઉપદેશ, સત્સંગ સમાજમાં વિચરણ કરતા સંતોને દુરાચારી દુષ્ટો દ્વારા કરવામાં આવતી પીડા, શ્રીહરિની આજ્ઞામાં રહી સંતો દ્વારા દુઃખ આપનારાઓનો પ્રતિકાર કર્યા વિના રાખવામાં આવતી ધીરજ વગેરે વિગતો ઉદ્‌બોધનમાં રજુ કરી ભક્તોને કથામૃતનું પાન કરાવ્યું.

તા. ૭-૧૧-૧૧ ના કથા સમાપ્તિ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારનો પરિચય કરાવ્યો. તે પછી પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાન પરિવારનું હાર પહેરાવી  અને શાલ ઓઢાડી સન્માન કરી આશીર્વાદ આપ્યા. સંગીતકાર સ્વામી શ્રીજીનંદન દાસજી સહયોગમાં રહ્યા.

યજમાન પરિવારના યજમાન બહેનોનું બહેનોના મંદિરમાં સાં.યો. મહંત શામબાઈ ફોઈને હસ્તે પહેરામણી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું.

યજમાન પરિવાર તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી.

મંદિરના શાસ્ત્રીજી રાહુલ મહારાજે યજમાનો દ્વારા વિસર્જનપૂજન, પોથીપૂજન અને વ્યાસપૂજન કરાવી આરતિ ઉતરાવી. ત્યારપછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ.

### *:: તુલસીવિવાહ ::*

તુલસીવિવાહના માંગલિક ઉત્સવનો પ્રારંભ કાર્તિક શુક્લ ૧૧, રવિવારથી પરંપરાગત રૂક્ષ્મણીવિવાહનાં મંગલગીતો દ્વારા શરૂ થયો. સભામાં દરરોજ રાત્રે વિવાહનાં ગીતોનું વાજિંત્રો સહિત ગાન કરવામાં આવ્યું. હરિભક્તો ખૂબ ઉત્સાહપૂર્વક ભાગીદાર બન્યા.

તુલસીવિવાહની તિથિ કારતિક શુક્લ પક્ષની ત્રયોદશી નિરધારવામાં આવી હતી. વરપક્ષ તથા કન્યાપક્ષ બન્નેએ પોતાની જોરદાર તૈયારી કરી લીધી હતી.

વરપક્ષ (શ્રી લાલજી ભગવાન) ના યજમાન ભુજ નિવાસી અ.નિ. પિતાશ્રી શિવજીભાઈ ધનજી ગોરસીયા, ગં.સ્વ. માતુશ્રી પુરબાઈ, પ.ભ. વિશ્રામભાઈ શિવજી ગોરસીયા, ધ.પ. રસીલાબેન, પૌત્રી મહેક, પૌત્રી ત્રિશિકા સહપરિવાર રહ્યા હતા.

કન્યાપક્ષ (તુલસીમાતા) ના યજમાન ભુજ નિવાસી અ.નિ. પિતાશ્રી કરસનભાઈ લાલજી શીયાણી, અ.નિ. માતુશ્રી રતનબેન, પ.ભ. મુરજીભાઈ કરસન શીયાણી, ધ.પ. મેઘબાઈ, સુપુત્ર રવિભાઈ, ધ.પ. મંજુલાબેન, પૌત્ર મિતેશ, પૌત્રી જાહ્નવી, સુપુત્ર વિનોદભાઈ, ધ.પ. વિનિતાબેન, પૌત્ર વિશ્વકુમાર, સુપુત્ર કાંતિભાઈ, ધ.પ. ગીતાબેન સહપરિવાર હતા.

તા. ૮-૧૧-૧૧, કારતક સુદ ૧૩, મંગળવાર વિવાહના દિવસે સવારે ૯:૩૦ ના સમયે બાઈઓના મંદિર આગળ પટાંગણમાં મંડપારોપણ કરવામાં આવ્યું અને ૧૦:૩૦ વાગતાંના મુહૂર્તે ગ્રહશાંતિ કરવામાં આવી. વરપક્ષ તથા કન્યાપક્ષના યજમાન પરિવારે ગ્રહશાંતિનો લ્હાવો લીધો. શાસ્ત્રીયવિધિ મંદિરના શાસ્ત્રીજી રાહુલ મહારાજે કરાવી. વિવાહમંડપને સજાવટથી આકર્ષક અને રમણીય બનાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત હરિભક્તોએ શમીયાણામાં બેસી ગૃહશાંતિની વિધિ નિહાળી આનંદ માણ્યો હતો.

સાંજે ૪:૦૦ વાગતાં મંદિરના પટાંગણમાંથી ઠાકોરજીની શોભાયાત્રા ભવ્યા ઠાઠ સાથે નીકળી હતી. ઝુમ્મરો ફૂલમાળાઓથી શોભાયમાન યાંત્રિક વાહનમાં છત્રહેઠળ પાલખીમાં બિરાજમાન શ્રીહરિની સાથે પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો તથા યજમાન હરિભક્તો સામેલ થયા હતા. બેન્ડસંગીત અને કીર્તનમંડળી દ્વારા, સૂરગુંજન અને કડતાલનો રણકાર શોભાયાત્રાનું વિશેષ આકર્ષણ બન્યા. મંદિરેથી નીકળેલી શોભાયાત્રા ઘનશ્યામ નગર, વી.ડી. હાઈસ્કૂલ, બસ સ્ટેશન, જિલ્લા પંચાયત અને ઓલ્ફેડ હાઈસ્કૂલ વટાવી છ વાગતાં મંદિરે આવી પહોંચી હતી.

ત્યારપછી ઠાકોરજી તથા તુલસીમાતા સાથે વરપક્ષના તેમજ કન્યાપક્ષના યજમાનો વિવાહ મંડપમાં ગોઠવાઈ ગયા હતા. લાલજી મહારાજે નવ્ય પોષાક અને અલંકારો સહિત ભવ્ય શોભા ધારણ કરી હતી. તુલસીમાતાને પણ બાઈઓના મંદિરમાંથી સાં.યો. બહેનો તથ કર્મયોગી બહેનોએ સોળે શણગારથી સજાવવામાં કસર રાખી ન હતી. શાસ્ત્રી મહારાજ ગુલાબશંકરભાઈએ લગ્નવિધિની શરૂઆત કરી અને બન્ને પક્ષની બહેનોએ મંગલગીતો સાથે ધર્મની મર્યાદા સાચવતાં ફટાણાંની સામ-સામે ધૂંસ મચાવી હતી. ૭:૦૦ વાગતાંના સમયે શાસ્ત્રીજીએ વેદમંત્રો તથા મંગલાષ્ટકના શ્લોકો સાથે હસ્તમેળાપની વિધિ કરાવતાં મંગળ વર્તાયાં હતાં. વાતાવરણમાં જયધ્વનિ સાથે ફટાકડાંએ રંગત જમાવી હતી.

### *: પ્રસાદી મંદિરમાં સપ્તાહ પારાયણ :*

શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેમજ અનેક નંદ સંતો-ભક્તોના ચરણ અંકિત એવા પ્રસાદી મંદિરે કેરા ગામના પ.ભ. ધનજીભાઈ કેશરા કેરાઈના યજમાનપદે શ્રીહરિની પ્રસન્નતા માટે તા. ૧૧-૧૧-૨૦૧૧ થી વેદવ્યાસ મુનિ રચિત શ્રીમદ્ ભાગવતની સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના વક્તાપદે શા. સ્વામી શ્રીરંગદાસજીએ વ્યાસ ભગવાને રચેલ શ્રીમદ્ ભાગવત કથાનું સરળ શૈલીમાં સહુ હરિભક્તોનાં મન પ્રફુલ્લિત રાખતાં રમુજી દૃષ્ટાંતો સાથે શ્રવણ કરાવી હરિભક્તોને ખુશ કરી દીધા હતા. બીજા વક્તા પુ. સ્વામી આનંદસ્વરૂપ દાસજી તેમજ પુ. સ્વામી હરિસ્વરૂપદાસજીએ ભાગવતના ગૂઢ રહસ્યને સરળ તેમજ હરિભક્તો સમજી શકે તેવી શૈલીમાં સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા.

આ પાવન પ્રસંગમાં સ.ગુ. સ્વામી હરિજીવન દાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી હરિબળ દાસજી તેમજ સ્વામી સ્વયંપ્રકાશદાસજી આદિ સંતોએ આવીને સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

પ્રસાદી મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણ દાસજીએ યજમાન પરિવારના જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ વધે અને નિત્ય સત્સંગ કરતા રહે તેવા આશીર્વાદ આપ્યા હતા. સ.ગુ. સ્વામી યજ્ઞપુરુષ દાસજી આદિ મંડળના સંતોએ પણ આ પ્રસંગે આશીર્વચનો પાઠવ્યા હતા.

### *:: ચમક ઝમક ::*

 કારતક શુક્લ પક્ષની એકાદશીએ મંદિરના દેવોના શિખરો ઉપર ધજા ચડાવવામાં આવી. સવારે

શણગાર આરતી પછી પ.પૂ. મહંતસ્વામીની સાથે રહી યજમાનોએ ધજાઓનું પૂજન કર્યું. તે પછી યજમાનશ્રીઓએ સ્વહસ્તે શિખરો પર ધ્વજાર્પણ કર્યું.

 કારતક સુદ ૧૧ ના રોજ શ્રીહરિએ હાટડી માંડી. કાપડ, કરીયાણું, તેજાના, તમામ પ્રકારનો માલ કિફાયત ભાવે આપી ગ્રાહકોને સંતુષ્ટ કર્યા. અતિશય મોંઘવારીમાં ભ્રષ્ટાચાર ન કરવા અન્ય વેપારીઓને બોધ આપી પ્રમાણિકપણાનું મૂલ્ય સમજાવ્યું.

 કારતકની અજવાળી પૂનમ ગુરુવારે સાંજે ૬:૪૫ થી ૭:૪૫ ભુજ નિવાસી ઠક્કર વ્રજલાલભાઈ પ્રાગજી ઠક્કર તરફથી શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે મહામંત્રની ધૂન રાખવામાં આવી.

 ભુજ મંદિરેથી પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી આદિ ત્રણ સંતો તથા હરિભક્તો મળીને ચાલીસ જેટલા શ્રીહરિપ્રેમી ભક્તોએ છપૈયાદર્શનની પદયાત્રાએ પ્રયાણ કર્યું. પુષ્પમાળાથી તથા પ્રસાધનોથી મંડિત ઠાકોરજીનો પાલખી રથ અને સીધા સરમાનની ગાડી સાથે સવાજિંત્ર કીર્તનોથી ગુંજતા વાતાવરણમાં પ્રયાણ કરતા પદયાત્રીઓને પ.પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં ફૂલહાર આરોપી સન્માન કર્યું. પ.પૂ. મહંતસ્વામીએ શુભ આશીર્વાદ આપ્યા.

 તુલસીવિવાહ પ્રસંગે કારતક સુદ ૧૧, સોમવારે સુખપર મંદિરેથી ભુજ આવેલ ઠાકોરજીની શોભાયાત્રા સવારે ૧૦ વાગતાં ભુજ મંદિરે આવી પહોંચી હતી મંદિરના મોટા પ્રવેશદ્વાર (ગેટ) આગળ પટાંગણમાં ભુજના સાં.યો. મહંત શામબાઈ ફોઈએ ઠાકોરજીને વધાવી થાળ ધરાવી ભેટ ધરી હતી. સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોએ પણ ઠાકોરજીનાં દર્શન કરી ભેટ ધરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તો દર્શન પામી રાજી થયા હતા.

***: એલ્ડોરેટ (કેન્યા) નૂતન મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભુજ મંદિરેથી પધારેલા સંતો :***

એલ્ડોરેટ નૈરોબી (કેન્યા) નૂતન મંદિરે મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા એ નિમિત્તે યોજવામાં આવેલ વિષ્ણુયાગ, કથાપારાયણ, અન્નકૂટ દર્શન આદિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી હરિભક્તોને દર્શન કથાબોધનો લાભ આપી હરિભક્તોને રાજી કરવા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી સ.ગુ.પ.પૂ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, શા. સ્વામી ગોલોકવિહારી દાસજી આદિ કથાના વક્તા સંતો, સ્વામી અક્ષરમુક્તદાસજી આદિ સંગીતકાર સંતો, પાર્ષદ માવજી ભગત વગેરે નાના-મોટા સંતોએ પ્રયાણ કર્યું.

તા. ૧૬-૧૧-૧૧, કારતક વદ ૫, બુધવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી તથા પ.પૂ. સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી વરદ્ હસ્તે એલ્ડોરેટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરશે.

### ભુજ શ્રી સ્વામિ. મંદિર દ્વારા પાલારા જેલને કોમ્પ્યુટર સેટની ભેટ

ભુજની પાલારા જેલના અધિક્ષક શ્રી રબારી સાહેબે મંદિરને કરેલ લેખિત અરજીના અનુસંધાને ભુજ મંદિરના મહંતસ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કો. પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞાથી આજે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તરફથી પૂ. સંતોના વરદ્ હસ્તે પાલારા જેલને એક કોમ્પ્યુટર સેટ ભેટ આપવામાં આવ્યું હતું.

જેલમાં રહેલા કેદીઓ પણ વર્તમાન સમયમાં અતિ આવશ્યક કોમ્પ્યુટર શિક્ષણનો લાભ લઈ શકે તેવા ઉમદા હેતુથી ભુજ મંદિરના સંતો, ટ્રસ્ટીના ઉપસ્થિતિમાં આપવામાં આવેલ આ ભેટનો જેલ અધિક્ષકશ્રીએ સાભાર સ્વીકાર કર્યો હતો.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## અંજાર : શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરનું ભૂમિપૂજન

અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપ દાસજીની પ્રેરણા અને પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા. ૩૧-૧૦-૨૦૧૧, સોમવાર, લાભપાંચમના પવિત્ર દિવસે અંજાર મધ્યે નૂતન મંદિર નિર્માણના શ્રીગણેશ ભૂમિપૂજન મહોત્સવથી થઈ ચૂક્યા છે. ઐતિહાસિક નગર અંજારના સવાસેર નાકા પાસે ચાર એકર જેટલી વિશાળ જગ્યામાં નિર્માણ પામનાર મંદિરના સ્થળે પ્રવેશતાં જ કથામંડપ પાસે તેમજ ભૂમિપૂજનના પવિત્ર સ્થાન પાસે યુવક મંડળના યુવકો તથા યુવતીમંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ રંગોળીના વિવિધ રંગોમાં ભક્તિભાવ સાથે આગંતુકોના સ્વાગતનો ભાવ જોવા મળ્યો. તો પૂજનના સ્થળે પુષ્પો અને લાકડાના છોડા તેમજ વ્હેર દ્વારા તૈયાર કરેલ રંગોળીમાં શ્રીગણેશજીના વિવિધ સ્વરૂપો અને પવિત્રતાનો પ્રકાશ ફેલાવતા દિપકે પ્રસંગને અનુરૂપ શોભા વધારી હતી. ઉપરાંત શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પવિત્ર પ્રતિમાઓનું પણ ચિત્રાંકન કરાયું હતું.

કથા મંડપમાં વ્યાસપીઠ પરથી વિદ્વાન વક્તા શા. સ્વામી હરિપ્રસાદદાસજીએ પોતાની સચોટ શૈલીમાં જણાવ્યું કે વિઘ્નો આવે ત્યારે શ્રીહરિ જ ઉગારે, એકમાત્ર ઈશ્વરનો જ આધાર સાચો છે, જગતમાં બીજું બધું મિથ્યા અને જૂઠું છે. દુન્યવી ક્ષણિક સુખ અને સમૃધ્ધિ મેળવવા કપટ ક્યારેય ન કરવું. સૌના તારણહાર શ્રીહરિ છે પરંતુ કપટીને ભગવાન ક્યારેય પણ તારતા નથી. દૃષ્ટાંતો સહિત આ વાત ભારપૂર્વક જણાવી શ્રોતાવર્ગને ભગવાનનો મહિમા જણાવ્યો હતો.

બીજી તરફ ભૂમિપૂજનની શુભ ઘડીએ ભૂમિપૂજનના યજમાન અંજાર બહેનોના મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબહેન મંગલજી ઠક્કર વતી તેમના બન્ને સહોદર પ.ભ. શ્રી દિપકભાઈ તથા શ્રી હસમુખભાઈ તેમજ અન્ય દાતા હરિભક્તો અને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, જ્યોતિષજ્ઞ પ્રખર વિદ્વાન સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, અંજાર મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, પુ. સ્વામી ધર્મચરણદાસજી, ભુજ મંદિરના કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા માંડવી મંદિરના કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતો, ભુજ મંદિરના કોઠારી પ.ભ. શ્રી રવજીભાઈ ભુડિયા તેમજ અન્ય ટ્રસ્ટીઓ, સ્થાનિક સમિતિના સભ્યો આદિની ઉપસ્થિતિમાં મંદિરના ગોર યોગેશ મહારાજ તેમજ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ મુખ્ય યજમાન અને મહંતસ્વામી તથા વડીલ સંતોના વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિવિધાન પૂર્વક ભૂમિપૂજન કરાવ્યું હતું. આ શુભ પ્રસંગે રાજ્યમંત્રી માનનીય શ્રી વાસણભાઈ આહિર, ધારાસભ્ય મા. ડો. નીમાબહેન, નગરપાલિકા પ્રમુખ કલ્પનાબેન શાહ, આડાના અધ્યક્ષ શ્રી ભરતભાઈ શાહ સહિત અનેક રાજકીય આગેવાનો, અધિકારીઓ, ભુજ મંદિરના ટ્રસ્ટીઓ, ભુજ, માંડવી તેમજ સમસ્ત કચ્છના અનેક સંતો, હરિભક્તો, પત્રકારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનોનો પ્રારંભ અંજારમાં જન્મેલા લોકલાડીલા મંત્રી શ્રી વાસણભાઈ આહિરના પ્રવચનથી થયો હતો. તેઓએ ભક્તિનો

મહિમા ગાતાં ખાસ જણાવ્યું કે અંજારનું મંદિર પણ ભુજ મંદિર જેવું જ બનશે. આવનાર પેઢીની આ ધરોહર ભગવાન સાથે જોડવાની મુખ્ય કડી છે. રાજકીય વ્યક્તિ છું પરંતુ આ સ્થાન અને સન્માન શ્રીહરિની કૃપા અને સંતોના આશીર્વાદથી પ્રાપ્ત થયાં છે. જ્યારે રાજસત્તા અને ધર્મસત્તા સાથે મળે છે ત્યારે જનકલ્યાણના અને સમાજસેવાના અનેક સત્કાર્યો સિધ્ધ થાય છે અને દેશની પ્રગતિ થાય છે. મંદિરનું નિર્માણ માનવકલ્યાણનું કાર્ય છે અને એ કાર્ય સંપન્ન કરવામાં હું ક્યાંય પણ ઉપયોગી થઈશ તો એ મારું સદ્‌ભાગ્ય હશે.

ત્યારબાદ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આ શુભ ઘડીએ હર્ષવિભોર થઈ ખાસ જણાવ્યું કે મંદિર નિર્માણમાં પાયાના પથ્થર થજો. સાં.યો. મહંત ત્રિવેણીબહેનું ઉદાહરણ આપી તેઓએ જણાવ્યું કે સંપત્તિનો સદુપયોગ મંદિર નિર્માણમાં થાય એના જેવું બીજું સત્કાર્ય નથી. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીએ વિદ્વતાસભર પ્રવચન કરતાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્તનો ભેદ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે જે ભૂમિ પર ગૃહ કે મંદિરનું નિર્માણ થાય તે ભૂમિ પર ખનન કાર્ય થાય, સમથળ કરવી પડે, ભાર નાખવો પડે વગેરે રીતે ધરતીમાતાને અનેક કષ્ટ સહન કરવા પડે. આ બધું માતા જ સહન કરે તેથી તેમની ક્ષમાયાચના સહ ભૂમિનું પૂજન કરવું અનિર્વાય જ છે. જેથી ધરતીમાતા પ્રસન્ન રહે અને નિર્માણ નિર્વિઘ્ને પાર પડે. ધરતીમાતાના પૂજનસહિત પ્રસન્ન રહેવાની પ્રાર્થના થવી જોઈએ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજીએ મંદિર નિર્માણકાર્યમાં તન-મન-ધનથી સેવા કરવા હરિભક્તોને ભલામણ કરી હતી અને સાં.યો. મહંત ત્રિવેણીબહેને સંતોને આપેલું વચન પાડી મોટી સેવા કરી તે કાર્યને બિરદાવેલ.

વચ્ચે વચ્ચે સંતોનું સ્વાગત હરિભક્તોએ પુષ્પમાળાઓ પહેરાવીને અને હરિભક્તોનું સન્માન અને દાતાઓનું સન્માન, પહેરામણી મહંતસ્વામી દ્વારા કરાતા રહ્યા હતા. સ.ગુ. મહંતસ્વામીને ૪૮ ફૂટનો અતિ સુગંધિત અને સુંદર પુષ્પહાર પહેરાવીને નાગલપુર વાડી વિસ્તારના યુવક મંડળના યુવકોએ ઉષ્માસભર સ્વાગત કર્યું હતું અને એ જ હાર સમસ્ત ઉપસ્થિત સંતવૃંદને ફરતે ગોઠવી દઈને સૌ સંતોનું સ્વાગત થયું હતું. પ્રાસંગિક પ્રવચનો પહેલાં નારાણપર ગુરુકુળના બાળકોએ ગણેશવંદના સાથે સુંદર સ્વાગત ગીત રજૂ કરી સૌનું સ્વાગત કર્યું હતું. અનેક અગ્રણીઓએ પોતાનાં મનોભાવ અને આદરભાવ મહંત સ્વામીને તથા સંતોને પુષ્પમાળાઓ પહેરાવીને કર્યા હતા. જ્યારે સાં.યો. ત્રિવેણીબહેનનું સન્માન અને પહેરામણી કચ્છ સત્સંગના બહેનોના મહંત સાં.યો. શામબાઈ ફઈના વરદ્ હસ્તે કરાયું હતું. અંજાર મંદિરના કોઠારી પ.ભ. પ્રેમજીભાઈ હીરાણી સહિત કમીટીના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનોના અંતિમ ચરણમાં ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. ધર્મનંદનદાસજીએ પ્રેરક પ્રવચન કરતાં જણાવ્યું કે આજે ભૂમિપૂજન સાથે જ અંજારના નૂતન મંદિર નિર્માણનું મંગલાચરણ થઈ ચૂક્યું છે, આજથી જ નિર્માણનો પ્રારંભ થયેલ છે. તેઓએ આશીર્વાદ આપતાં ભારપૂર્વક જણાવ્યું કે અંજારનું મંદિર ભુજ મંદિરનું જ છે. નૂતન મંદિર નિર્માણમાં સાં.યો. ત્રિવેણીબહેન સહિત તમામ સાં.યો. બહેનોના યોગદાનથી પ્રસન્ન થઈ તમામ હરિભક્તોને તન-મન-ધનથી નિર્માણકાર્યમાં જોડાઈ શ્રીહરિનો રાજીપો મેળવવા જણાવેલ. આજે આપણો સત્સંગ ફૂલ્યો-ફાલ્યો છે દેશની જેમ વિદેશમાં પણ અનેક દેશોમાં નવા મંદિરોનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે, તેની માહિતી સહર્ષ આપી, સૌ હરિભક્તો એવા જ જોમ અને જુસ્સા સાથે યથાશક્તિ પોતાનું યોગદાન આપતા રહેજો એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સાથોસાથ નૂતન મંદિરના ખાતમુહૂર્તની માહિતી આપતાં જણાવેલ કે પંચદિનાત્મક પારાયણ સાથે મંદિરનું ***ખાતમુહૂર્ત તા. ૨૭-૨-૨૦૧૨,*** ફાગણ

સુદ પાંચમના ધામધૂમથી કરવામાં આવશે.

મહંતસ્વામીના આશીર્વાદ બાદ કાર્યક્રમને અંતે મહાપ્રસાદરૂપે સૌ હરિભક્તોએ ભોજનપ્રસાદ લીધો હતો. ભોજનપ્રસાદના યજમાન સાં.યો. મહંત ત્રિવેણીબેન, વેલજી નારાયણજી સોની સહપરિવાર-અંજાર, બી. એસ. જાડેજા, ધ.પ. દયાબા સહપરિવાર, ભગવતીબેન, વસંતબેન, જયાબેન, માલતીબેન ડી. ઠક્કર સહપરિવાર, અંજાર તથા શ્રીહરિ ભરોસે-અંજાર રહ્યા હતા. ભોજનપ્રસાદના યજમાનોનું સન્માન-પહેરામણી કરવામાં આવેલ.

સભાનું સફળ, સબળ અને સુંદર સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ તથા શા. સ્વામી ધર્મચરણદાસજીએ કર્યું હતું. સંચાલન દરમ્યાન અંજાર મંદિરના ૧૦૮ વર્ષના ઈતિહાસની વાતો સાથે ભૂતકાળને યાદ કરીને જણાવ્યું કે, જે ભવ્ય ભૂતકાળને ભૂલે તે સુંદર ભવિષ્યનું નિર્માણ ન કરી શકે. ભારતની ભવ્યતા તો મંદિરો થકી જ છે અને નૂતન મંદિરના કાર્યમાં સૌનો સાથ અને સેવા આવશ્યક છે.

આનંદ, ઉમંગ અને ઉત્સાહના વાતાવરણ વચ્ચે સુંદર કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

- અહેવાલ : ભરતભાઈ મહેતા

## ચંદ્રનગર (ખોખરા) અન્નકૂટોત્સવ

ભુજ મંદિરના મહંત સ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં દર વર્ષની જેમ સં. ૨૦૬૮ ના ઉગતા પ્રભાતે પ્રભાતફેરી, મંગલ સ્મરણ, ધૂન, કથા-કીર્તન આદિ કરીને શ્રીહરિના ચરણે અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવ્યા.

જેમાં વિવિધ વાનગીઓ, અનેક ફળફૂલો દ્વારા થાળ તૈયાર કરીને શ્રીહરિને યજમાનો વતી પ.ભ. પરબતભાઈ કરસન રબારી તથા અનેક કર્મયોગી બહેનોએ પોતાના તન, મન સાથે હરિને વ્હાલા થવા સાથે રાજીપો વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ ઉત્સવનું સંચાલન શ્રી કાનજીભાઈ સુથારે સંભાળીને સૌને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. પ્રસાદના યજમાનપદે શ્રી રાણાભાઈ, શંભુભાઈ બોરીચા, વિનુભાઈ, સમગ્ર સત્સંગ વતી રહ્યા હતા. આનંદિત વાતાવરણ વચ્ચે પૂર્ણાહૂતિ થઈ હતી.

- અહેવાલ : વેસુભા વાઘેલા (ચંદ્રનગર)

## અંજાર : તુલસી વિવાહ

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપ દાસજીની પ્રસન્નતાર્થે તથા મંડળના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણ દાસજી, પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, પુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, કો. પુ. સ્વામી નંદકિશોરદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભ સંકલ્પથી ઠાકોરજીની પ્રસન્નતાર્થે મહાપૂજા તથા તા. ૬-૧૧ ના તુલસીવિવાહનું આયોજન થયું હતું.

સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-અંજાર, તથા નાની નાગલપરના યુવાનોએ આ મહોત્સવ ધામધૂમથી ઉજવવા જહેમત ઉઠાવી હતી. હરિભક્ત યજમાન શ્રી કિરીટભાઈ વિઠ્ઠલદાસ બકાલી, અંજાર કન્યાપક્ષના યજમાન બનેલ તથા ચાવડા હરીશભાઈ કાન્તિલાલ અને દેવેનભાઈ રમણિકભાઈ સિનોગ્રાવાળા વરપક્ષના યજમાન બનેલ.

તા. ૬-૧૧-૧૧ના સવારે કન્યાપક્ષના તથા લાલજી મહારાજના માંડવા ઉપરાંત વરઘોડો શહેરના વિવિધ માર્ગ પર ફરીને સાંજે મંદિરે પરત ફરેલ. ત્યારબાદ સાંજે લગ્નવિધિનો પ્રારંભ થયો. જે મંદિરના ગોર યોગેશભાઈ શાસ્ત્રીજીએ કરાવેલ તેવું કોઠારી સ્વામી પુ. નંદકિશોરદાસજીએ જણાવ્યું હતું.

સહયોગીઓમાં સંતો તથા અંજાર મંદિરની કાર્યવાહક સમિતિના સભ્યો કોઠારી પ્રેમજીભાઈ હીરાણી આદિ તથા સાં.યો. ત્રિવેણીબેન, મહિલા મંડળ, સર્વે હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ આસપાસના ગામોના હરિભક્તોએ પોતાનો અણમોલ કિંમતી સમય આપીને તૈયારીમાં જોડાયા હતા.

- અહેવાલ : મેહુલકુમાર પી. ઠક્કર

## શ્રી સ્વામિ. ગુરુકુલ-નારાણપર : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રાથમિક શિક્ષાવર્ગ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) એટલે ભારતીય હિન્દુ સંસ્કૃતિ તથા દેશ પ્રત્યેની નિષ્ઠા તથા ગૌરવને જન-જનના માનસ સુધી પહોંચાડીને હિન્દુ સંસ્કૃતિનું જતન તથા રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવાનું કામ કરતું એક હિન્દુ સંગઠ્ઠન.

સારાય ભારત વર્ષમાં ઉપરાંત વિદેશમાં વસતા આપણાં હિન્દુ ભાઈઓ સુધી તેનો બહોળો પ્રચાર છે. સંઘના પ્રચારકો સંસ્કૃતિના જતન તથા દેશના ગૌરવ માટે સમર્પિત થઈને સંઘનો પ્રચાર કરે છે. એટલા માટે દેશના દરેક રાજ્યો તથા પ્રાંતોમાં સંઘના વર્ગો યોજાતા હોય છે.

આ વખતે કચ્છ વિભાગ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દિવાળીની રજાઓમાં એક પ્રાથમિક શિક્ષા વર્ગનું આયોજન 'શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપર' ખાતે કરવામાં આવ્યું. સંપૂર્ણ કચ્છ જિલ્લાના રાપરથી લખપત સુધીના વિસ્તારમાંથી વ્યવસાયી તથા વિદ્યાર્થીઓ મળીને કુલ્લ ૧૧૫ શિક્ષાર્થીઓએ તા. ૧-૧૧-૨૦૧૧ થી ૮-૧૧-૨૦૧૧ સુધી આ રાષ્ટ્રીય કાર્ય માટે વિવિધ શારીરિક તથા બૌધ્ધિક વિષયોનું તથા હિન્દુ જાગૃતિ તથા રાષ્ટ્રભકતિનું પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું. ગુજરાત પ્રાંતના અધિકારી અને અંજારના સ્વયંસેવક અરૂણભાઈ ભીંડેએ વર્ગ કાર્યવાહક તરીકે માર્ગદર્શન કર્યું. આ વર્ગમાં સવારના ૪:૩૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીની નિયમિત દિનચર્યામાં શિક્ષાર્થીઓએ સંઘની પ્રાર્થના, ગીતો, સુભાષિતો તથા યોગાસન, દંડ તેમજ અલગ-અલગ વિષયોનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. સંઘના ગુજરાત પ્રાંતના તથા વિભાગના વિવિધ અધિકારીઓએ આ વર્ગની મુલાકાત લઈને માર્ગદર્શન આપ્યું. ગુજરાત પ્રાંતના સહ સંઘચાલક મોરબીના અગ્રણી સર્જન ડો. જયંતિભાઈ ભાડેસીયા વર્ગમાં બે દિવસ ઉપસ્થિત રહ્યા તથા પૂ. સંતો સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવ દાસજી તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજી ઉપસ્થિત રહીને ખૂબ સારો સાથ સહકાર આપ્યો.

આજુબાજુના ગામોના અગ્રણી હરિભક્તોમાં પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી (બળદિયા), જાદવજીભાઈ ગાજપરીયા (બળદિયા-યુ.કે.) અરજણભાઈ ગાંગજી પિંડોરીયા (નારાણપર), વિશ્રામભાઈ ગોરસીયા (બળદિયા), રામજીઘાઈ સેંઘાણી (નારાણપર) તથા શિવજીભાઈ મેઘજી (સરપંચ, નારાણપર) સહિતના અગ્રણીઓએ આ વર્ગની મુલાકાત લઈ આ પ્રાથમિક શિક્ષાવર્ગની તથા સંઘ વિષેની વિસ્તૃત માહિતી મેળવી.

વર્ગના અંતિમ દિવસે સમાપન સત્રમાં પૂ. સ્વામી ધર્મચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામકેશવ દાસજીએ ઉપસ્થિત રહીને વર્ગના શિક્ષાર્થીઓને ખૂબ રૂડા આશીર્વચન પાઠવ્યા. આ પ્રમાણે તા. ૮-૧૧-૨૦૧૧ના પ્રાથમિક શિક્ષા વર્ગની સમાપ્તિ કરવામાં આવી. ગુરુકુલના સુંદર પરિસરમાં યોજાયેલ વર્ગ માટે વિશાળ મેદાન, નિવાસ, પ્રાર્થના મંદિર તથા ભોજનશાળાની મળેલ નિઃશુલ્ક (એટલે કે લાઈટ-પાણીના ખર્ચ લીધા વિના) સુંદર વ્યવસ્થા બદલ સંઘ સંચાલકોએ ખૂબ જ પ્રભાવિત થઈને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## કેરા : કથા પારાયણ તથા તુલસીવિવાહ

ગામ કેરા મધ્યે તા. ૨૯-૧૦-૨૦૧૧ થી તા. ૨-૧૧-૨૦૧૧ સુધી શ્રીમદ્ સત્સંગિજીવનની

પંચદિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પારાયણના યજમાન શ્રી નારાણભાઈ રત્ના લાધાણી પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે ભુજ ધામથી સ્વામી મુકુંદજીવનદાસજી પોતાનું મંડળ લઈને પધાર્યા હતા તથા વક્તાપદે સ્વામી શ્રીપ્રકાશદાસજી રહ્યા હતા. આ પ્રસંગના ત્રીજા દિવસે રાત્રે યજમાન તરફથી ઠાકરથાળી ઉજવવામાં આવી હતી.

પાંચમા દિવસે યજમાનને સંતોએ રૂડા આશીર્વાદ આપ્યા હતા અને ગામના સર્વે હરિભક્તોને ભોજનરૂપ પ્રસાદ જમાડીને પ્રસંગની સમાપ્તિ કરી હતી.

તુલસી વિવાહ : ગામ કેરામાં કારતક સુદ તેરસ, ચૌદશ અને પુનમ ત્રણ દિવસ તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું. તુલસીબાઈના માવત્ર પક્ષે શ્રી ખીમજીભાઈ કરસન સેવક તથા લાલજી મહારાજના માવિત્ર પક્ષે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રહ્યું હતું. બન્ને પક્ષ ઊંચો આંક આપીને યજમાન બન્યા હતા. તેમાં તેરસ અને ચૌદશના રાત્રે ઠાકોરજી ગામમાં ફુલેકે ફર્યા હતા.

પૂનમના સવારે વાજતે-ગાજતે ઠાકોરજીની જાન આવી હતી. આ પ્રસંગે શ્રી ઘનશ્યામ બાલમંડળ (લેજીમ) ના દાન રમ્યા હતા. તેના સંચાલક દિનેશ કેરાઈ હતા. બેન્ડ પાર્ટી સાથે યુવક મંડળના સંચાલક મનસુખ ખેતાણી હતા. આ બન્ને ટીમને ગામના દાનવીરોએ ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કન્યાદાન અને સારતીઆ પછી સૌ ભોજનપ્રસાદ જમ્યા હતા. પૂનમના સાંજે પાંચ વાગ્યે જાનને વિદાય આપવામાં આવી ત્યારે લાગણી ભીનાં દશ્યો સર્જાયાં હતાં. આ સાથે તુલસીવિવાહ સંપન્ન થયો હતો.

- અહેવાલ : શિવજી નાથ ભુવા

## થાણા : અન્નકૂટ તથા તુલસી વિવાહ

અન્નકૂટોત્સવ : શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન થાણામાં પ્રથમ અન્નકૂટોત્સવ ખૂબ જ સારી રીતે ઉજવાયો. વાગડ-સેલારીના સાં.યો. બહેનોના પરિશ્રમથી તથા હરિભક્ત ભાઈ-બહેનોના સહયોગથી ખૂબ જ ઉત્સાહથી આ ઉત્સવ ઉજવાયો.

પાર્લાથી પૂ.સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી આદિ સંતોએ પધારીને દર્શન તથા કથા-વાર્તાનો લાભ આપ્યો. પૂ.સ.ગુ. સ્વામીએ અન્નકૂટની આરતી કરી.

તુલસી વિવાહ : પૂ.સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજીના સાંનિધ્યમાં તથા પૂ. પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના નેતૃત્વમાં અતિ ભવ્ય રીતે તુલસીવિવાહ ઉત્સવ ઉજવાયો.

ઉત્સવમાં પાર્લાથી હરિકૃષ્ણ મહારાજની જાન આવી. થાણાના હરિભકત ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહથી અને ધામધૂમથી વાજતે-ગાજતે હરિકૃષ્ણ મહારાજનું તથા જાનનું સામૈયું કરી મહારાજને વધાવ્યા. બ્રાહ્મણોએ વિધિસર લગ્ન કરાવ્યા. આનંદથી અને હર્ષથી લગ્નવિધિ થયો.

થાણા મંદિરના ટ્રસ્ટીમંડળના સભ્યોએ તથા યુવકમંડળના સભ્યોએ ખૂબ સુંદર રીતે મંદિરની સજાવટ કરી, મહાપ્રસાદ તૈયાર કરી સારી રીતે બધા ભોજનરૂપ પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા કરી.

આ પ્રસંગમાં થાણા વિસ્તારમાં તથા મુંબઈ વિસ્તારમાં રહેતા સત્સંગીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો. મંદિરનો આખો હોલ ખીચો-ખીચ ભરાઈ ગયો હતો. આ પ્રસંગે ભુજના સંતો તથા સેલારીના સાં.યો. બહેનોએ ઉપસ્થિત રહી અવસરની શોભા વધારી.

## માંડવી : તુલસી વિવાહ તથા પારાયણ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી, ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજીના આશીર્વાદથી

શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં તા. ૬-૧૧-૧૧ થી તા. ૧૧-૧૧-૧૧ સુધી તુલસીવિવાહ મહોત્સવ ઉજવાયો. તા. ૬-૧૧-૧૧ ના તુલસીબાઈ તથા લાલજી મહારાજના માંડવારોપણ બહેનોના મંદિરમાં સવારે ૮:૦૦ વાગ્યે ધામધૂમથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તા. ૭-૧૧-૧૧ ના શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે ગામ કોડાયના અ.નિ. કુંવરજીભાઈ કેશરા વેકરીયા, ધ.પ. માનબાઈની પુણ્યસ્મૃતિમાં હ. પ.ભ. નાનજીભાઈ કુંવરજી વેકરીયા, સુપુત્રો પ્રેમજી, કલ્યાણ, કરસન, માવજી, લાલજી, વાલજી આદિ સહપરિવાર રહ્યા હતા. કથાના વક્તા પુ. સ્વામી શૌનકમુનિદાસજી, પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજી, શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ પોતાની સરળ શૈલીમાં સંગીતકાર સ્વામી નિર્ભયચરણ દાસજીના સુમધુર સંગીતના સુરોની સાથે કથાને વહેતી મૂકી હતી.

આ પ્રસંગે ભુજથી સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતોએ પધારી શોભામાં વૃધ્ધિ કરી હતી. કથાના પ્રથમ દિને બહેનોના મંદિરેથી પોથીયાત્રા નીકળી. વક્તા પૂજા કરી કથાનો પ્રારંભ થયો. પ્રથમ દિને સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજી આદિ સંતોએ યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ત્યારપછી દ્વિતીય દિને બપોર પછી ૫:૦૦ વાગ્યે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો અને તૃતીયદિને સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી ના મંડળના સંતો ઓસ્ટ્રેલિયા સત્સંગ પ્રચારાર્થે પધારતાં શુભેચ્છા વિદાય આપવામાં આવી હતી અને તે જ દિવસે રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો-યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. જેમાં વિવિધ રૂપકો અને નૃત્ય કરી પ્રેક્ષકોના દિલ રંજિત કર્યા હતા. ત્યારપછી ચતુર્થદિને વહેલી સવારે ૮:૦૦ વાગ્યે ઠાકોરજીની તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. શોભાયાત્રા બંદર રોડથી શરૂ થઈ શહેરના મુખ્ય માર્ગો પરથી ફરી અને મંદિરમાં આવી હતી.

પૂ. આચાર્ય મહારાજશ્રી, મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા પૂ. વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ કથાશ્રવણ પછી પૂ. મહંતસ્વામી તથા માંડવી મંદિરના સંતો, સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી નિષ્કામચરણદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્ત દાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા યજમાનશ્રી નાનજીભાઈ આદિ પરિવાર દ્વારા મહારાજશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારપછી ભુજ મંદિરના મહંતસ્વામીએ યજમાનશ્રી તથા સર્વે હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી સ્વામી પાસે મૈસુરમાં ઉચ્ચ અભ્યાસ કરી (આચાર્ય) એમ.એ. ની પદવી પ્રાપ્ત કરી ભુજ મંદિરનું ગૌરવ વધારતાં સંતોને પ.પૂ. મહંતસ્વામીએ આશીર્વાદ આપ્યા હતા.

ત્યારપછી પૂ. આચાર્યશ્રી તથા વડીલ સંતોને હસ્તે યજમાનોને પહેરામણી અપાઈ હતી. આ વ્યવસ્થા કોઠારી પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી તથા સ્વામી સત્યપ્રકાશદાસજી તથા સ્વામી રઘુવીરચરણદાસજીએ સંભાળી હતી. ત્યારપછી યજમાનશ્રી, સર્વે હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ શા. કિરણ મહારાજે લગ્નવિધિ કરાવતાં હસ્તમેળાપ ૧૨:૩૦ વાગ્યે થયો. લાલજી મહારાજના યજમાન ગામ કોડાયના માવજી નાનજી વેકરીયા, ધ.પ. વીરબાઈ સહપરિવાર અને તુલસીબાઈના યજમાન ગામ ભારાપરના મુરજી નારાણ કેરાઈ, ધ.પ. વીરબાઈ સહપરિવાર રહ્યા હતા. સભા સંચાલન સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી તથા શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

- અહેવાલ : કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિ. કન્યા વિદ્યા મંદિર રમત-ગમત ક્ષેત્રે સિધ્ધિ

રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગાંધીનગર તથા રાજ્ય રમત-ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર આયોજિત અન્ડર હેન્ડબોલની સ્પર્ધા વડોદરા મુકામે તા. ૧૫ થી ૧૭ નવેમ્બરના રોજ યોજાયેલી હતી, જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વિજેતા બની હતી.



વિજેતા થયેલ ટીમની વિદ્યાર્થિનીઓના નામ આ મુજબ છે. કેરાસિયા મિનાક્ષી, કેરાઈ વૈશાલી, હીરાણી હીના, ગોરસીયા વિજયા, વેકરીયા ભૂમિકા, પટેલ સૃષ્ટિ, વેકરીયા ભાવિકા, છાંગા પૂનમ, સોરઠીયા ધારા, વેકરીયા જ્યોત્સના તથા મેપાણી ભૂમિકા. જેમાં સોરઠીયા ધારા અને ગોરસીયા વિજયા આ બન્ને વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામી શાળા તેમજ કચ્છનું નામ રોશન કર્યું છે.

એવી જ રીતે ઉક્ત વિભાગ દ્વારા તા. ૪ થી ૬ નવેમ્બરના રોજ ગાંધીનગર મુકામે યોજાયેલી અન્ડર ૧૯, અન્ડર ૧૭ની એથ્લેટીક્સ સ્પર્ધામાં પણ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય મંદિરની વિદ્યાર્થિનીઓએ રાજ્ય કક્ષાએ વિજેતા બનીને કચ્છ જિલ્લાનો ડંકો વગાડ્યો હતો. અન્ડર ૧૯ એથ્લેટીક્સ સ્પર્ધામાં મેપાણી મનિષા મનજીએ ઊંચીકૂદમાં પ્રથમ સ્થાન અને ભુડિયા વનિતા કેશરાભાઈએ જલદચાલમાં પ્રથમ સ્થાન, શિયાણી વનિતા હરજીભાઈએ તૃતીયા સ્થાન અને વેકરીયા ધનલક્ષ્મી ધનજીભાઈએ ૧૧૦ મી. વિઘ્નદોડમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે




અન્ડર ૧૭ એથ્લેટીક્સ સ્પર્ધામાં રાઘવાણી નિતિક્ષા કલ્યાણભાઈએ જલદચાલમાં પ્રથમ સ્થાન અને પિંડોરીયા રશ્મિ કાન્તિલાલે ૧૦૦ મી. વિઘ્નદોડમાં તૃતીયસ્થાન પ્રાપ્ત કરેલ છે.


શાળાના વિદ્યાર્થિનીઓની સિધ્ધિને ભુજ મંદિરના પૂ. મહંતસ્વામી, પૂ. વડીલ સંતો, ટ્રસ્ટીશ્રીઓ તથા સંસ્થાના પ્રમુખ શ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રી શ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, સંચાલક સમિતિ તેમજ શાળાનાં આચાર્ય શ્રીમતિ દક્ષાબેન અને વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન વીરડા અને કોચ શ્રી ગોકુલભાઈ આહિરે અભિનંદન પાઠવ્યા હતા.

### : અક્ષરવાસ :

ગામ સુખપર (જુ.વા.) ના ઝીણાભાઈ દેવજી વાઘાણી (ઉ.વ. ૯૧) તા. ૨૭-૧૦-૧૧, નૂતનવર્ષના દિવસે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમને પોતાની ચરણસેવાનું સુખ આપે અને તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.



# વિદેશ સમાચાર



## ધામધૂમથી ઉજવાયો એલ્ડોરેટ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

કેન્યાના નાઈરોબીથી ૩૨૦ કિ.મી. દૂર એલ્ડોરેટ શહેરમાં આજથી ૩૦ વર્ષ પહેલાં પ.પૂ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી મોરલી મનોહરદાસજી આદિ કચ્છ સત્સંગના અડીખમ સ્તંભ જેવા સંતોની આજ્ઞા અને આશીર્વાદથી ઘરમંદિરમાં ભક્તો સત્સંગ કરતા વર્ષોથી નવું મંદિર થાય એવી શુભભાવના ફળીભૂત થતાં વિશાળ જગ્યામાં તા. ૨૪-૧-૨૦૧૦ ના રોજ પ.પૂ. મહંતસ્વામી પુ. ધર્મનંદનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું અને ૨૨ મહિનામાં નવ્ય ભવ્ય મંદિર તૈયાર થયું. તેમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત નક્કી થતાં તા. ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૧૧ના રોજ ઉત્સવ ઉજવવા અને આ પ્રસંગે અમદાવાદથી મહારાજશ્રી તેમજ ભુજથી મોટી સંખ્યામાં સંતો પધારે એવી અભિલાષા વ્યક્ત થઈ. આ શુભઘડી આવી તા. ૧૩-૧૧, શનિવારના રોજ સવારે ૩ દિવસીય વિષ્ણુયાગના યજમાનોની દેહશુધ્ધિ કરવામાં આવી અને બપોર પછી ૫ વાગ્યે જૂના મંદિરેથી લેજીમ-બેન્ડ તથા મંડળીના ભક્તો સાથે વાજતે ગાજતે ઠાકોરજી સાથે શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની પોથીયાત્રા સાથે શુભ શરૂઆત થઈ. ૭ દિવસના મહોત્સવની. તા. ૧૪, સોમવાર કાર્તિક વદ ૩ ના પ્રભાતે ગણેશ-વિષ્ણુ ભગવાનની સ્થાપના થઈ. બાદ વક્તા શાસ્ત્ર પૂજન બાદ વક્તાના મુખે સમગ્ર આફ્રિકાના ભક્તોએ કથાનો લાભ લીધો. કથાના વક્તા શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી ગોલોક વિહારીદાસજી તથા પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી રહ્યા.

ભાગ્યશાળી યજમાનોએ વિષ્ણુયાગમાં દીપઅગ્નિ દ્વારા અગ્નિ આહૂત કરી તૈયાર કરેલ ૨૧ યજ્ઞકુંડમાં સ્થાપના કરી વૈદિક મંત્રો સાથે શા. ગુલાબ મહારાજની આગેવાની હેઠળ સ્થાનિક લક્ષ્મીશંકર મહારાજ આદિ ભૂદેવો દ્વારા દેવોને આહુતિ આપવામાં આવી. તા. ૧૬, બુધવાર, કાર્તિક વદ ૫ ના રોજ વેદ વિધાનપૂર્વક મૂર્તિઓ શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ બન્ને મંદિરોમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ.પૂ. મહંતસ્વામી, પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તેમજ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની ઉપસ્થિતિમાં જયજયકાર સાથે પ્રતિષ્ઠાની તેમજ અન્નકૂટ આરતી કરવામાં આવી. સૌ પ્રથમ બહેનોના મંદિરમાં ત્યારબાદ ભાઈઓના મંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરી હનુમાનજી તેમજ ગણપતિની આરતી કરી. ભાગ્યશાળી યજમાનો અને સંતોની સાથે ૩ શિખર કળશ તેમજ ગરૂડાધિષ્ઠિત ધ્વજાઓ ફરકાવવામાં આવી. તતઃ બપોર પછી ત્રિદિવસીય વિષ્ણુયાગની સમાપ્તિ પ.પૂ. મહારાજશ્રી તેમજ પ.પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે શ્રીફળ હોમી કરવામાં આવી અને શ્રી નિલકંઠવર્ણીની મૂર્તિની સ્થાપના બાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. રાત્રે સંતો તથા પૂ. મહારાજશ્રી સાથે ભક્તોએ દિવ્ય રાસોત્સવનો આનંદ માણ્યો. તા. ૧૭ ના રોજ રાત્રે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, તબલા વિશારદ સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી, શા. સ્વામી ગોલોકવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા કપિલ ભગત આદિ સંતો-ભક્તો સાથે મળી મહારાજની મૂર્તિના વર્ણન કરતાં કીર્તનો બોલી મહારાજ તથા સંતો-ભક્તોને રાજી કર્યા હતા.

આ પ્રસંગે શ્રીજીમહારાજે સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી સચિત્ર મલ્ટીકલર અંગ્રેજી તથા ગુજરાતી આમ બન્ને ભાષામાં ભુજ મંદિર અને એલ્ડોરેટ મંદિરના સંયુક્ત સહયોગથી તૈયાર થયેલ તેનું પ.પૂ. મહારાજશ્રી અને મહંતસ્વામીએ યજમાનો સાથે વિમોચન કરવામાં આવેલ. તેમજ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે 'મનોહર મૂર્તિ' સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું અને ભુજ મંદિર દ્વારા પ્રકાશિત માસિક કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

એલ્ડોરેટના ભક્તોના ભાવથી ૩૦ સંતો સ.ગુ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ્વામી ભક્તિવલ્લભ દાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવન દાસજી, સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી ભગવદ્-જીવનદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી આદિ સંતો મુખ્ય હતા.

આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ તેમની સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી તેમજ નારાયણઘાટ મંદિરના મહંતસ્વામી પણ પધાર્યા હતા.

સમગ્ર આફ્રિકા ખંડમાં વસતા કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનિયા તેમજ ભારત, યુ.કે. ઓસ્ટ્રેલિયાથી ભક્તો આ દિવ્ય પ્રસંગે પધાર્યા હતા.

ઉત્સવની પૂર્વતૈયારી માટે કેન્યા સત્સંગ વિચરણમાં વિચરણ કરતું મંડળ સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, શા. સ્વામી વિશ્વપ્રકાશ દાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, પુ. સ્વામી કૃષ્ણપ્રિય દાસજી, પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી, તેમજ સ્વામી વ્યાસમુનિદાસજી આદિ સંતો અગાઉથી એલ્ડોરેટ આવી ગામના ભક્તો-યુવાનોને મહોત્સવનું માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ સાથે ભુજથી વિષ્ણુયાગની તૈયારી માટે સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણ દાસજી આદિ ૫ સંતો પણ અગાઉથી પધાર્યા હતા.

મહોત્સવ દરમ્યાન સ્થાનિક ગરીબ લોકો માટે રેડક્રોશના માધ્યમથી જે-તે ગામના વિસ્તારોમાં જઈને ૩૦,૦૦૦ પરિવારોને અન્ન-વસ્ત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્યા સરકારના માનનીય મંત્રીશ્રીઓ તથા સાથે મિત્રો સહભાગી થયા હતા. વિશાળ મંદિરના પ્રાંગણમાં ઉત્સવમાં આવનાર ભક્તો માટે એમ્બ્યુલન્સની સુવિધા રાખેલ.

ઉત્સવમાં અનેક ગામના ભક્તો રસોડાની તેમજ અન્ય સેવામાં પધાર્યા હતા. શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નૈરોબી, શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ સત્સંગ-વેબ્રુયે, કિટાલે વગેરેથી હરિભક્તોએ મોટી સંખ્યામાં પધારી સેવા આપી હતી. સમગ્ર ઉત્સવમાં સભાસંચાલનનું કાર્ય શા. સ્વામી અક્ષરપ્રકાશ દાસજીએ સુચારુ કર્યું હતું.

ઉત્સવના છેલ્લા દિવસે ૩ કિ.મી. લાંબી ભવ્ય શોભાયાત્રા એલ્ડોરેટ શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફરી હતી અને શરૂઆત રામ મંદિરેથી કરવામાં આવી હતી. જેમાં ઠાકોરજી માટે તેમજ પ.પૂ. મહારાજશ્રી, સંતો માટે અલગ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં નૈરોબીના બન્ને મંદિરોની મંડળી તેમજ બેન્ડ પાર્ટી મોમ્બાસાની મંડળી તેમજ બેન્ડ સ્થાનિક એલ્ડોરેટના યુવાનો તેમજ બહેનો યુવતીઓ પોતાના મસ્તક ઉપર મંગળ કળશો શણગારી સમૈયામાં જોડાયાં હતાં.

આ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. મહંતસ્વામી તેમજ પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજી, પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ પુ. સ્વામી કૃષ્ણપ્રિય દાસજી, શા. સત્યપ્રસાદ દાસજી તેમજ પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ સંતોએ તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પોતાના અંતરના આશીર્વાદ સાથે ભલામણ કરી હતી.

આ પ્રસંગે પ.ભ. રામજીભાઈ દેવજીભાઈ, કાનજીભાઈ હીરાણી, શીવજીભાઈ કેરાઈ વગેરે એલ્ડોરેટના ભક્તોએ પણ પોતાના મંતવ્યો આપ્યા હતા. આ સાથે નૈરોબીના બન્ને મંદિરો મોમ્બાસા

મંદિરના પ્રતિનિધિઓ તેમજ અન્ય આફ્રિકાના મંદિરોના પ્રતિનિધિઓના મંતવ્યો અને આવેલ સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા.

મંદિરની જગ્યા દોઢ એકરમાં છે. બહેનો અને પુરુષો માટે ભજન, કથા-વાર્તા કરવા અલગ-અલગ ૪૦ x ૬૦ ના બે હોલ છે. મંદિરના પૂજારી તથા સંતોની રહેવાની વ્યવસ્થા, લાયબ્રેરી, ઓફિસ વગેરે કાર્યાલયો છે. ભક્તોના નાના-મોટા વિવાહ જેવા પ્રસંગો કરવા હોય તેની પણ હોલ-રસોડાની વ્યવસ્થા છે. મંદિરના કમ્પાઉન્ડમાં હરિભકતોને રહેવા માટે ફ્લેટ્સ છે જેથી કરીને ભક્તોને દર્શન-કથા-વાર્તાની સુવિધા મળી રહે તેમજ મંદિરની સામે ૪૦ ફ્લેટસ થાય એવી સુવિધા છે અને તેમાં પણ ભક્તોને રહેવા સુવિધા ઊભી કરવામાં આવશે અને તેનું સંતોના વરદ્ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

એલ્ડોરેટનો સત્સંગ નાનો છે. ૮૦ પરિવારો છે પણ મહારાજનું અને સંતોનું બળ બહુ જ છે. જેથી આવા આલીશાન ગગનચૂંબી મંદિરનું નિર્માણ થઈ શક્યું છે. અહીંના વડીલોની સુઝબુઝ અને યુવાનોનો ઉત્સાહ દાદ માગી લે એવો છે. મંદિરમાં આવનાર યુવાન બાળકો માટે પાર્કિંગથી માંડી રમવા સુધીની અને ગુજરાતી વર્ગો ચલાવવાની પણ તૈયારીઓ કરેલી છે. બસ લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણને ઓળખે અને સુખી થાય.

આ ઉત્સવ અંતર્ગત મુમુક્ષુઓને ગુરુમંત્ર લેવો એ અતિ જરૂરી હોઈ સંતોએ ગુરુમંત્ર પ્રદાન કાર્યક્રમ રાખેલ હતો અને ઘણા બધા યુવાનોએ ગુરુમંત્ર લીધા હતા.

***એલ્ડોરે મંદિરમાં સેવાકરનાર દાતાશ્રીઓ***

***મુખ્યદ્વાર ઉદ્‌ઘાતા :–*** પ.ભ. કાનજીભાઈ નારાણ હાલાઈ, મેઘપર-એલ્ડોરેટ.

***બહેનો વિભામાં દ્વારના ઉદ્‌ઘાતા :–*** પ.ભ. શાન્તાબેન કુંવરજી વેકરીયા, લંડન.

***પુરુષ વિભાગમાં દ્વારના ઉદ્‌ઘાતા :–*** પ.ભ. વિશ્રામભાઈ સામજી સેંઘાણી, નાઈરોબી.

***ભોજનાલય ઉદ્‌ઘાતા :–*** શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી.

***નરનારાણયદેવના શિખરપર સુવર્ણ કળશના દાતા :–*** પ.ભ. રામજીભાઈ દેવજી વેકરીયા સુપુત્ર હરીશ-અનિલ, એલ્ડોરેટ.

***સહજાનંદસ્વામીના શિખરપર સુવર્ણ કળશના દાતા :–*** પ.ભ. શિવજીભાઈ વિરજી કેરાઈ સુપુત્ર લાલજી-વિશ્રામ, એલ્ડોરેટ.

***રાધાકૃષ્ણદેવના શિખરપર સુવર્ણ કળશના દાતા :–*** પ.ભ. શાન્તિલાલભાઈ વેલજી ભંડેરી સુપુત્ર હરેશ-પરેશ, નાઈરોબી.

***શોભાયાત્રામાં વહાનના દાતા :–*** કાન્તિભાઈ નારણ કેરાઈ તથા અ.નિ. કલ્યાણભાઈ નારાણ હસ્તે ઉમેશ તથા નંદલાલ, નાઈરોબી.

***ભૂમિદાન :–*** રામજીભાઈ દેવજી વેકરીયા, લાલજીભાઈ શિવજી કેરાઈ એલ્ડોરેટ.

***શ્રીજીમહારાજ આપણી સાથેજ છે.***

એલ્ડોરેટ ઉત્સવ સમયે વરસાદનું વિઘ્ન સંભવિત હતું. વણથંભ્યા વરસાદના કારણે હરિભક્તોના હૈયામાં ઉચાર હતો, ચિંતા એ હતી કે ઉત્સવ કેમ ઉજવાશે ? પરંતુ શ્રીજીમહારાજ તો જાણે પ્રત્યક્ષ પધાર્યા હતા. ઉત્સવના પ્રારંભ પહેલાં જ પોથીયાત્રા શરૂ થતાં જ વરસાદ થંભી ગયો. વાતાવરણ પ્રફુલિત થઈ ગયું અને સમગ્ર ઉત્સવ દરમ્યાન વરસાદ વરસ્યો નહીં. ધામધૂમથી ઉત્સવ ઉજવાયો, પૂર્ણાહુતિ થઈ, હરિભક્તોની પ્રસન્નતાનો પાર ન રહ્યો. પૂર્ણાહુતિ બાદ ફરી વરસાદ શરૂ થયો ! શ્રીજીમહારાજ જાણે પ્રત્યક્ષ હાજર હોય તેમ ઉત્સવની શરૂઆત થતાં જ વરસાદે રજા લીધી અને પૂર્ણાહુતિ બાદ ફરી વરસાદ વરસ્યો ! સંપૂર્ણ નિષ્ઠા હોય તો મહારાજ આપણી સાથે જ છે.

# પર્થ (ઓસ્ટ્રેલિયા) : નૂતન મંદિરનું ખાતમુહૂર્ત

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા શ્રી નરનારાયણદેવ, ભુજના પૂ. વડીલ સંતોના શુભાશીર્વાદ તથા માર્ગદર્શન મુજબ ઓસ્ટ્રેલિયા દેશના પર્થ શહેરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર બનાવવાનો શ્રીજી મહારાજની અસીમ કૃપાથી પર્થમાં 'બીચબોરો' વિસ્તારમાં દશ એકરની વિશાળ જગ્યા સંવત ૨૦૦૮માં સંપાદન કરેલ.

સંપ્રદાયની પ્રણાલિકા મુજબ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા તથા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. પુ. ધર્મનંદનદાસજી તથા પૂ. વડીલ સંતોના માર્ગદર્શન મુજબ તા. ૯-૧૦-૨૦૧૧, રવિવારના રોજ ખાતમુહૂર્ત પ્રસંગ નિર્ધારિત કરેલ.

ખાતમુહૂર્ત પ્રસંગે પર્થના સમસ્ત સત્સંગીઓના આમંત્રણને માન આપીને પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજનગરથી પ.પૂ. સંતો સ.ગુ. મહંતસ્વામી પુ. ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદ દાસજી, શા.સ્વામી દેવચરણદાસજી, સ્વામી ત્યાગ વલ્લભદાસજી, શા. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તથા અમદાવાદ દેશથી પી. પી. સ્વામી તથા રામ સ્વામી આદિ સંતો હરિભક્તોના પ્રેમને વશ થઈને પધારેલ.

આ પ્રસંગની સાથે સાથે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ તથા યજ્ઞનું આયોજન તા. ૫-૧૦-૨૦૧૧ થી તા. ૯-૧૦-૨૦૧૧ સુધી ગામ માધાપરના રવજીભાઈ લાલજી પિંડોરીયા પરિવાર તરફથી કરવામાં આવેલ, જેમાં ભુજથી પધારેલ બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતોએ વ્યાસાસને બીરાજી પાંચ-પાંચ દિવસ સુધી ધર્મપ્રેમી ભક્તોને કથામૃતનો અમૂલ્ય લાભ આપેલ.

નિર્માણાધિન નૂતન મંદિરમાં પધરાવવાની દેવમૂર્તિઓ તથા સિંહાસન તથા ખાતમુહૂર્તના યજમાનપદ માટે ઉછામણી (ચડાવો) કરવામાં આવેલ. જેમાં સર્વ મૂર્તિઓ માટે ખૂબ જ ઉત્સાહથી ઉદાર મને સૌ હરિભક્તોએ ભાગ લઈ ઉછામણીના ઊંચા આંક બોલેલ.

(૧) ખાતમુહૂર્તના યજમાન (૨) ભાઈઓના વિભાગમાં સિંહાસનના યજમાન (૩) બહેનોના વિભાગમાં સિંહાસનના યજમાન (૪) ભાઈઓના વિભાગમાં શ્રી સ્વામિનારાયણની મૂર્તિ (૫) ભાઈઓના વિભાગમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ (૬) ભાઈઓના વિભાગમાં શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ (૭) બહેનોના વિભાગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ (૮) બહેનોના વિભાગમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ (૯) બહેનોના વિભાગમાં શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ (૧૦) શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ (૧૧) શ્રી ગણેશજીની મૂર્તિ (૧૨) શ્રી શિવ-પાર્વતી તથા શિવલીંગ (૧૩) શ્રી હનુમાનજીની મૂર્તિ (૧૪) શ્રીરામ પરિવાર (૧૫) શ્રી સૂર્યનારાયણદેવ.

આ પ્રમાણે વિવિધ મૂર્તિઓના ચડાવામાં હરિભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સેવા નોંધાવેલ.

જે પ્રસંગની હરિભક્તો ચાતક નજેર રાહ જોઈ રહ્યા હતા તે ખાતમુહૂર્ત પ્રસંગ રવિવાર, તા. ૯-૧૦-૨૦૧૧ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે યજમાન પરિવાર (૧) પ.ભ. શ્રી પર્વતભાઈ વિશ્રામભાઈ હાલાઈ (દહીસરા) (૨) પ.ભ. શ્રી ધનજીભાઈ નાનજી હાલાઈ (મેઘપર) તથા (૩) પ.ભ. શ્રી રવજીભાઈ ગાંગજી હાલાઈ કુંદનપરના હસ્તે પ.પૂ. વિદ્વાન જ્યોતિષવિદ્ પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી દ્વારા વેદોક્તવિધિ અનુસાર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મહંતસ્વામી, પ.પૂ. સંતવૃંદ, સીડનીથી પધારેલ આમંત્રિત મહેમાનો, વિવિધ ધાર્મિક

સંસ્થાઓના અગ્રગણ્ય મહાનુભાવો, પર્થ લોકલ ગવર્નમેન્ટના મા. આમંત્રિત મહેમાનો તથા સમગ્ર પર્થ સત્સંગ સમાજના અબાલવૃધ્ધ હરિભક્તોની હાજરીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રચંડ જયઘોષ સાથે ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવેલ. જે બપોર પછી પ્રસાદરૂપી ભોજન બાદ પૂર્ણ કરવામાં આવેલ.

ભુજ નગરથી પૂ. સંતમંડળ, પ્રસંગની પૂર્વ તૈયારી તથા માર્ગદર્શન માટે તા. ૨૮-૯-૨૦૧૧ થી પધારીને હરિભક્તોને કથા-વાર્તા, સત્સંગ મહાત્મ્ય, હરિભક્તોને ત્યાં પધરામણી વગેરે ધર્મલાભ આપેલ, જે માટે પર્થના હરિભક્તો, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. સંતમંડળ સર્વેના સાભાર સાથે કૃતકૃત્યતાની લાગણી અનુભવે છે.

- અહેવાલ : જયેન્દ્રભાઈ સોની (મંત્રી)

## શ્રી ક. સ. સ્વામિ. મંદિર-નૈરોબી તાબા : ૫૭ મો વાર્ષિક પાટોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું) નૈરોબીનો ૫૭ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી મંડળેશ્વર સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજીના સંતમંડળના સાંનિધ્યમાં ઉજવાઈ ગયો. પારાયણનો શુભ પ્રારંભ તા. ૧૦-૧૦-૨૦૧૧ ના રોજ થયો. તા. ૧૧-૧૦-૨૦૧૧, શરદપૂનમના દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે શ્રી હરિકૃષ્ણ મહારાજને પંચામૃત અભિષેક તથા અન્નકૂટ દર્શન તથા સહજાનંદ સ્વામી આદિ દિવ્યમૂર્તિઓની પ્રતિષ્ઠાની આરતી થઈ. ત્યારબાદ શિખર ઉપર ધ્વજારોહણનો કાર્યક્રમ લેઝીમ-બેન્ડ પાર્ટીના સથવારે સંપન્ન થયો.

સાંજે શરદોત્સવનો રાસ રમ્યા અને ત્યારબાદ દૂધ-પૌંઆનો પ્રસાદ પીરસવામાં આવ્યો. તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ સાંજે સંતોના આશીર્વચનો તથા બહારગામથી પધારેલા અલગ-અલગ સંસ્થાઓના પ્રતિનિધિઓના પ્રાસંગિક પ્રતિભાવોરૂપી આશીર્વચનો થયાં. તા. ૧૬-૧૦-૨૦૧૧ના નાસ્તારૂપી ભોજન સર્વ હરિભક્તોને પીરસવામાં આવ્યું તથા કથાની પૂર્ણાહુતિની આરતી થઈ અને સંતોના આશીર્વચનો થયાં.

ભુજ મંદિરેથી પધારે સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવન દાસજીના મંડળના શા. સ્વામી નારાયણમુનિદાસજી તથા પુ. સ્વામી સંતસ્વરૂપ દાસજીએ વ્યાસાસન પર બિરાજી શ્રીહરિવાક્ય સુધા સિંધુ શાસ્ત્રનું સુમધુર રસાળ શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું. તન-મન-ધનથી જે કોઈ નાના-મોટા હરિભક્તોએ પાટોત્સવની સેવા કરી હોય તે સર્વે નામી-અનામી હરિભક્તોને યાદ કરી મંદિરના મંત્રી મહોદય શ્રી જાદવજીભાઈ હાલાઈએ આભાર વ્યક્ત કર્યો. બપોરે મહાપ્રસાદરૂપી ભોજન લઈ સૌ હરિભક્તો ધન્ય થયા.

:: શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ ::

શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર-નૈરોબી માં તા. ૧૭-૧૦-૨૦૧૧, સોમવારથી તા. ૨૩-૧૦-૨૦૧૧, રવિવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. પારાયણના યજમાનશ્રીઓ ગામ કેરાના પ.ભ. માવજીભાઈ ઝીણા વોરા પરિવાર, પ્રેમજીભાઈ રામજી હાલાઈ પરિવાર-સુરજપર, હરીશભાઈ લાલજી સેંઘાણી પરિવાર-નારાણપર, ગોવિંદભાઈ રૂડા રવજી કેરાઈ પરિવાર તથા શામજીભાઈ રવજી કેરાઈ પરિવાર-કોડકી એ સર્વે હરિભક્તો સાથે મળી પોતાના અ.નિ. આપ્તજનોના કલ્યાણાર્થે તથા મોક્ષાર્થે ભાગવત કથા પારાયણનું આયોજન કરેલ હતું.

ભુજ મંદિરથી પધારેલ સ્વામી નારાયણમુનિ દાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી તથા સ્વામી વ્યાસમુનિદાસજીએ વ્યાસાસન પર બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

તા. ૨૦-૧૦-૨૦૧૧, બુધવારના રોજ શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ખૂબ જ ધામધૂમથી થઈ. આ પ્રસંગે યજમાન પરિવારના પ્રેમજીભાઈ રામજી હાલાઈ-સુરજપર પરિવાર તરફથી શ્રી હરિકૃષ્ણ મહારાજને સોનાની ચેન ભેટ અર્પણ કરી હતી. તા. ૨૨-૧૦-૨૦૧૧, શનિવારે યજમાન પરિવાર તરફથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર તથા નૈરોબી શ્રી

સ્વામિનારાયણ મંદિરને ભેટ અર્પણ કરવામાં આવી. સંતોએ રાજી થઈ ભુજ મંદિર વતીથી સર્વ યજમાન પરિવારને તુલસીની કંઠી પહેરાવી તથા નૈરોબી મંદિર તરફથી સંતોના વરદ્ હસ્તે સર્વે યજમાનોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ યજમાન શ્રી પ્રેમજીભાઈ રામજી હાલાઈ-સુરજપર પરિવાર તરફથી સર્વે હરિભક્તોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું.

રવિવાર, તા. ૨૩-૧૦-૨૦૧૧ના રોજ એકાદશીના દિવસે મહાપૂજા રાખવામાં આવેલ હતી. મોટી સંખ્યામાં બહેનો તથા ૨૦૦ ઉપરાંત ભાઈઓએ મહાપૂજાનો લાભ લીધો હતો.

ત્યારબાદ કથાની સમાપ્તિ થઈ. આ પ્રસંગે સંતોએ રાજી થઈ સર્વે હરિભક્તો તેમજ ખાસ કરીને યજમાન પરિવારોને અંતરના આશિષ આપ્યા હતા. મંત્રીશ્રી જાદવજીભાઈએ યજમાન પરિવારનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને કથાનો લાભ મળ્યો તે માટે સર્વે હરિભક્તોએ પણ યજમાન પરિવારને રાજી થઈ તેઓને બાથમાં લઈ ભેટી અને અભિવાદન કર્યું.

કથાની પૂર્ણાહૂતિની આરતી ઉતારી પ્રસાદ લઈ સર્વે છૂટા પડ્યા.

- અહેવાલઃ નારાણભાઈ ગોરસીયા (સહમંત્રી)

## શીસલ્સ : અન્નકૂટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર હાઉસીંગ કેમ્પમાં તા. ૨૭-૧૦-૨૦૧૧, ગુરુવારના અન્નકૂટ ઉત્સવ સાંજે ૬:૦૦ કલાકે લક્ષ્મણભાઈ એન્ડ કન્સ્ટ્રકશનના સ્ટાફ તથા યુવાનમિત્રો સાથે મળીને અન્નકૂટ ઉત્સવની આરતી કરવામાં આવી. ત્યારબાદ ૮:૦૦ કલાકે ઠાકરથાળી તાળી રાસ તથા દાંડીયારાસ યુવાનો ખૂબ ઉત્સાહથી રમ્યા અને રાત્રે ૧૦:૦૦ કલાકે ઠાકોરજીની આરતી ઉતારી સૌ હરિભક્તોને પ્રસાદ આપી ઉત્સવની સમાપ્તિ થઈ. આવા ઉત્સવો ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપા અને વડીલ સંતોના આશીર્વાદથી ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે.

## બોલ્ટન : દીપોત્સવ પર્વ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-બોલ્ટન (યુ.કે.) મધ્યે ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી તથા નૂતનવર્ષના દિવસે અન્નકૂટોત્સવ આદિ તહેવારોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. ગામ દહીંસરાના અ.નિ. માવજીભાઈ વિશ્રામ ખીમાણી, હ. પુત્રી સુસુલા સહપરિવારે સૌથી ઊંચો આંક આપીને આરતી ઉતારવાનો લાભ લીધો. બીજી આરતી ગામ ફોટડીના કેશુભાઈ પ્રેમજી ભુડિયા, હાઉસ ઓફ રાજા, ડોક્ટર કોરષના કોલીપાલએ ઉતારી. ઉપરાંત જે હરિભક્ત ભાઈ-બહેનોએ નાની મોટી સેવા કરી તેઓએ પણ સમૂહમાં આરતી ઉતારી. સૌએ દર્શનનો અમૂલ્ય લાભ લીધો.

રવિવાર તા. ૬-૧૧ ના તુલસીવિવાહનો પ્રસંગ પણ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તુલસીમાતાના યજમાનપદે ગામ નારાણપરના કાનજીભાઈ વિશ્રામ વરસાણી, ધ.પ. શાન્તાબેન આદિ પરિવાર રહ્યા હતા તથા લાલજી મહારાજના યજમાનપદે ગામ દહીંસરાના ભરતભાઈ ગોવિંદ વાઘેલા, ધ.પ. વર્ષાબેન આદિ પરિવારે રહીને પ્રસંગને ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે મંદિર તરફથી સૌને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ.

## સ્ટેનમોર : દીપોત્સવી તથા તુલસીવિવાહ

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર (યુ.કે.) મધ્યે દિવાળી તથા નૂતન વર્ષની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. ધનતેરસની ઉજવણી બાદ કાળીચૌદશના હનુમાનજીનું પૂજન કરવામાં ઘણા જ હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. હનુમાન ચાલીસા તથા 'નીતિપ્રવીણ' સ્તોત્રના પાઠ બાદ ઠાકરથાળી ઉત્સવ રાસોત્સવ કરી ઉજવવામાં આવ્યો હતો. ઠાકરથાળીના યજમાન ગામ સુરજપરના અ.નિ. માવજીભાઈ રતના વેકરીયા તથા ગામ બળદિયાના મનજીભાઈ કરસન વેકરીયા પરિવાર તથા ગામ બળદિયાના રાજેશભાઈ ગોવિંદ જીવાણી પરિવાર રહ્યા હતા. દિવાળીના લક્ષ્મીપૂજન, ચોપડા પૂજનના

કાર્યક્રમમાં ઘણા હરિભક્તો જોડાયા હતા.

પૂજન બાદ આતશબાજીના પ્રોગ્રામે આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરના સંતો તેમજ વ્યક્તિવિશેષ મીનીસ્ટર, કાઉન્સીલરો તેમજ નગરપતિ (મેયર) તથા પોલીસવડા વગેરે પધાર્યા હતા.

નવા વર્ષે સવારે ઠાકોરજી આગળ અન્નકૂટ થાળ ધરાવવામાં આવ્યો. દર્શનાર્થી ભક્તોની ખૂબ ભીડ જામી હતી. પ્રથમ આરતી થાળ બોલ્યા બાદ કરવામાં આવી હતી. ભક્તોનો પ્રવાહ ઘણો હોવાથી દર અડધી કલાકે આરતીનો લાભ સૌને આપતા હતા. સંતો તેમજ કાઉન્સીલરો દર્શનાર્થે પધાર્યા હતા. સ્વયંસેવકોએ પણ સારી જહેમત ઉઠાવી મંદિરમાં તેમજ બહાર પાર્કીંગમાં સારી વ્યવસ્થા જાળવી હતી. ભક્તોને પ્રસાદના ડબ્બા તથા ઘર દીઠ કેલેન્ડરનું વિતરણ કરવામાં આવતું હતું. આમ નવું વર્ષ અને ઉત્સવ ભગવાનની કૃપાથી ઉત્સાહપૂર્વક ઉજવાયો.

*:: તુલસી વિવાહ ::*

તા. ૬-૧૧-૨૦૧૧, રવિવાર, એકાદશીના દિવસે જ તુલસીવિવાહ પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. જેના યજમાન તરીકે ભગવાન વિષ્ણુ (શાલીગ્રામ) પક્ષે દિનેશભાઈ પ્રેમજી ડબાસીયા, ધ.પ. હંસાબેન સહપરિવાર તથા તુલસી માતા (વૃંદા) પક્ષે ધનજીભાઈ કરસન હીરાણી, ધ.પ. નર્મદાબેન ધનજી હીરાણી પરિવારે લાભ લીધો હતો. સવારે મંડપારોપણ થઈ ગયા બાદ પીઠીવિધિ બહેનોએ કર્યો હતો. તે દરમ્યાન ઠાકોરજીની શણગાર આરતી, કથાનો નિયમ જળવાઈ રહ્યો હતો. ત્યારબાદ જાન પ્રસ્થાન થઈ લગ્નમંડપે પધારી લગ્નવિધિ શરૂ થયો હતો. અતિ ઉત્સાહભેર લગ્નવિધિ ઉજવાઈ ગયો. ત્યારબાદ સર્વે હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન (ફળાહાર) પીરસવામાં આવ્યું હતું.

- અહેવાલ : મનજીભાઈ ઝીણા હીરાણી

## મસ્કત : દિપોત્સવી તથા અન્નકૂટોત્સવ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સંવત્ ૨૦૬૮, કાર્તિક સુદ ૧, ગુરુવાર, તા. ૨૭-૧૦-૨૦૧૧ ના રોજ અલતુર્કી કંપનીનો કુરુમમાં પહાડ ઉપર કેમ્પમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવાળી પર્વ તેમજ નૂતન વર્ષ નિમિત્તે દિવ્ય અન્નકૂટોત્સવનું મંગલમય આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે સર્વે સત્સંગીઓએ ઘનશ્યામ મહારાજનાં દર્શન સાથે સત્સંગનો લાભ લીધો હતો. એકબીજાને ભાવવિભોર બની બાથમાં લઈ નવા વર્ષની શુભકામના પાઠવી હતી. સહજાનંદ સ્વામી તથા શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ આગળ વિવિધ પ્રકારના પકવાનો, ફરસાણ, શાકપાન, અન્નકૂટ સ્વરૂપે અર્પણ કરી પ્રાતઃ આરતી ૬:૦૦ છ વાગ્યે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં હરિભક્તોએ અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો.

- અહેવાલ : લાલજી માવજી કેરાઈ (પુજારી)

## વિલ્સડન : દિવાળી-અન્નકૂટ તથા તુલસી વિવાહ ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર-વિલ્સડનમાં ઉત્સવની પૂર્વ તૈયારીઓ પંદરેક દિવસો પહેલાથી શરૂ થઈ ગઈ હતી. હોંશિલા ભાઈ-બહેનો સમય કાઢીને મંદિરના રસોડામાં પકવાન બનાવવા લાગી ગયાં હતાં વિધવિધનાં પકવાનો તૈયાર કરી રાખ્યા હતાં. યુવાન ભાઈ-બહેનોએ મંદિરની અંદર તથા બહાર વિવિધ રંગની બત્તીઓ ગોઠવીને મંદિરને શણગાર્યું. મંદિરની છતમાં વિવિધ પ્રકારના દિવડા ટીંગાળ્યા હતા. ઉપરાંત ટમટમતાં તારલાના રૂપમાં બત્તીઓ ગોઠવી હતી. મંદિર અત્યંત શોભાયમાન લાગતું હતું.

કાળીચૌદશના દિવસે હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે સર્વશ્રી કુરજીભાઈ દેવરાજ વેકરીયા સહપરિવાર-નારાણપર, અ.નિ. વી. એમ. પટેલ પરિવાર વડદલા, અ.નિ. અંબાલાલ લખમણ ભુડિયા સહપરિવાર-માધાપર, અમિતભાઈ મારવા સહપરિવાર-દિલ્હી તથા રાજેશભાઈ ગોવિંદ સહપરિવાર માધાપરવાળા રહ્યા હતા. પૂજન પછી પ્રસાદની વહેંચણી કરવામાં આવી. અન્નકૂટની વહેલી સવારથી મંદિરનું રસોડું ચાલુ થઈ

ગયું હતું અને સવારે આઠ વાગ્યા સુધીમાં તો વિધવિધ પકવાનો, શાક, શીરા, ભજીયા, હલવા વગેરે વાનગીઓ ઉપરાંત ભાતભાતના ફળફળાદી, લીલોતરી, તાજાં શાકભાજી આદિ અનેક વસ્તુઓ દરેક સિંહાસન આગળ અન્નકૂટરૂપે ગોઠવવામાં આવી.

અ.નિ. શિવજી દેવરાજ હાલાઈ-સુરજપર, અ.નિ. રતનબાઈ શિવજી-સુરજપર, અ.નિ. પ્રેમજી મેઘજી હીરાણી-નારાણપર, અ.નિ. કેશરા નારણ ખેતાણી-ઉ.સુખપર, અ.નિ. રતનબેન હીરાણી-બળદિયા, અ.નિ. વાલજી કુરજી હીરાણી-બળદિયા, અ.નિ. દેવજી કુરજી વરસાણી-નારાણપર, અ.નિ. વાલજી હીરાણી-બળદિયા, અ.નિ. લાલજી દેવજી ગોરસીયા-નારાણપર, અ.નિ. વીરજી માવજી વેકરીયા-ઉ. સુખપર, અ.નિ. હિરૂબેન દેવરાજ રાઘવાણી-બળદિયા, અ.નિ. દેવજી મુરજી ગામી-કેરા, અ.નિ. કરસન દેવરાજ હાલાઈ-સુરજપર, અ.નિ. વાલબાઈ ધનજી ઠાકરાણી-બળદિયા, અ.નિ. કાનજી કુંવરજી હાલાઈ-નારાણપર, ખીમજી જેસાણી તથા અ.નિ. ધનબાઈ ખીમજી જેસાણી-બળદિયા, પ્રેમજી રૂડા દબાસીયા તથા અ.નિ. મેઘબાઈ પ્રેમજી-માધાપર, કરસન માવજી વેકરીયા તથા ધ.પ. રામબાઈ કરસન વેકરીયા-બળદિયા ઉપરાંત મંદિરની સત્સંગી બહેનોએ યજમાનપદ શોભાવ્યું હતું. ઉપરાંત અ.નિ. ખીમજી શિવજી પિંડોરીયા-સુરજપર, અ.નિ. કાનજી મેઘાણી-બળદિયા, અ.નિ. કાનજી પ્રેમજી ભુડિયા-ફોટડી, અ.નિ. ચંદુભાઈ ઓધવજી સોની, કેશરબેન રામજી, પ્રેમબાઈ રામજી વોરા, પરબત પ્રેમજી ડબાસીયા તથા એક હરિભક્ત સૌએ યજમાનપદે રહેવાનો લાભ લીધો હતો. હજારો માણસોએ દર્શનનો લાભ લીધો. મંદિર તરફથી કેલેન્ડર ભેટ આપવામાં આવતું હતું. અગ્યાર વાગ્યે આરતીઓ કરવામાં આવી હતી. જેનો દરેક યજમાન-સહયજમાન પરિવારે લાભ લીધો હતો. ત્યારબાદ દરેક આમંત્રિત મહેમાનો તથા હરિભક્તોને મંદિર તરફથી પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો પણ આ સર્વે કાર્યમાં જોડાયા હતા. અને પ્રસાદ જમ્યા હતા. ત્યારબાદ સૌ પોતપોતાને સ્થાનકે ગયા હતા.

તુલસી વિવાહ : કારતક સુદ એકાદશીપ તા. ૬-૧૧-૨૦૧૧, રવિવારના રોજ મંદિર મધ્યે તુલસીવિવાહ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. લાલજી મહારાજના માવિત્રપક્ષે ભાઈ શ્રી લાલજી ઝીણા જેસાણી કુટુંબ પરિવારે તથા તુલસીબાઈના માવિત્રપક્ષે ભાઈ શ્રી પ્રેમજીભાઈ શામજી વરસાણી ગામ ઉ. સુખપર સહપરિવારે લાભ લીધો હતો. તુલસીબાઈના માંડવારોપણવિધિ સવારે ૮:૦૦ વાગ્યે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ લાલજી મહારાજની જાન સવારે દશ વાગ્યે મંદિરે પહોંચી હતી. જાનનું સ્વાગત પોખણવિધિ બાદ સેરીકાની રમઝટ જામી હતી. કીર્તન ગાવાવાળા લગ્નમાં કીર્તન ઝાંઝર તબલાં સાથે રંગે ચઢ્યા હતા. બહેનોના વિભાગમાં પણ કીર્તનની રમઝટ ચાલી હતી. સર્વ વિધિપૂર્વક બ્રાહ્મણ લગ્નવિધિ કરાવતા હતા. વચ્ચે-વચ્ચે તુલસીવિવાહનું રહસ્ય પણ ભૂદેવ સમજાવતા હતા. લગ્નવિધિ અને કન્યાદાન બાદ મંદિર તરફથી સર્વે હરિભક્તોને પ્રસાદરૂપી ફરાળી ભોજન પીરસવામાં આવ્યું હતું. તમામ વિધિ ધામધૂમથી ઉજવાયો. પછી બપોરે સાડા ત્રણ વાગ્યે તુલસીબાઈને વિદાયગીરી આપવામાં આવી. લગ્નમાં બ્રાહ્મણનું સ્થાન જીતુભાઈ ગુલાબશંકર મહારાજે શોભાવ્યું હતું. સૌ હરિભક્તોના દિલમાં ઉત્સવનો આનંદ ઉભરાતો હતો.

- અહેવાલ : શિવજીભાઈ પ્રેમજી હીરાણી

## સાઉથ ઈસ્ટ લંડન : અન્નકૂટ તથા તુલસી વિવાહ ઉત્સવ

શ્રી કચ્છ ભુજ નરનારાયણદેવ મંદિર તાબાના શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર સાઉથ ઈસ્ટ લંડનમાં તા. ૨૭-૧૦-૨૦૧૧, ગુરુવારના નૂતન વર્ષ પ્રારંભ કારતક સુદ ૧ નૂતન વર્ષના મંગલમય દિવસે આપણા મંદિરમાં અન્નકૂટ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. અન્નકૂટ દર્શનની આરતી ચડાવાથી કરવામાં આવેલ. જેમાં ગામ સરલીના પ.ભ. કુંવરજીભાઈ કરસન રાબડીયા તથા હીરજીભાઈ કુંવરજી રાબડીયા પરિવાર તરફથી ઊંચો આંક આપી અન્નકૂટ દર્શનની આરતીના યજમાન વતી લાભ લીધો હતો અને અન્નકૂટ પ્રસાદના યજમાન ગામ માંડવીના

અ.નિ. રાધાબેન નારણ રાબડીયા સહપરિવારે સેવા આપી લાભ લીધો હતો.

શ્રીજી મહારાજે વચનામૃતમાં અંતકાળે સ્મૃતિ થઈ આવે તો પાપી જીવનું કલ્યાણ થાય છે એમ કહીને ઉત્સવનું અત્યંત મહત્ત્વ કહેલું છે.

યજમાન પરિવારે અન્નકૂટ આરતી કરી ત્યારબાદ સૌ સત્સંગી ભાઈઓ બહેનોએ અન્નકૂટ દર્શનનો લાભ લીધેલ હતો. ત્યારપછી સૌ હરિભક્તો એકબીજાને હળી મળીને પ્રસાદનો લાભ લીધેલ. અન્નકૂટ દર્શન સાંજ સુધી ખુલ્લા મુકવામાં આવેલ. સાંજના ૬:૦૦ વાગ્યે આરતી કરી ઠાકોરજીને થાળ જમાડી અન્નકૂટ પ્રસાદની વહેંચણી કરવામાં આવેલ. સૌ હરિભક્તો પ્રસાદ લઈ ખૂબ આનંદિત થયા. આમ અન્નકૂટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.

તુલસી વિવાહ : તા. ૬-૧૧-૨૦૧૧, રવિવારના મંગલકારી દિવસે શ્રી પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે તુલસી વિવાહ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં તુલસીબાઈ પક્ષના યજમાનપદે ગામ માંડવીના પ.ભ. મેઘજીભાઈ ધનજી હાલાઈ સહપરિવારે અને શ્રી લાલજી મહારાજના પક્ષના યજમાનપદે ગામ માંડવીના પ.ભ. અરવિંદભાઈ રવજી રાબડીયાએ લાભ લીધેલ હતો. આ ઉત્સવમાં ખૂબ જ સારા પ્રમાણમાં સત્સંગી ભાઈઓ-બહેનોએ હાજરી આપી લાભ લીધો હતો. તેમાં તુલસીબાઈના પક્ષના યજમાન પરિવાર તરફથી મહાપ્રસાદરૂપી ભોજન લેવાનું આમંત્રણ આપવામાં આવેલ. તેમાં ઉપસ્થિત રહેલા તમામ સત્સંગી ભાઈઓ-બહેનો તથા બાળકોએ મહાપ્રસાદરૂપી ભોજન લીધેલ. આવા આનંદિત વાતાવરણમાં તુલસી વિવાહ ઉત્સવ સંપૂર્ણ કરાયો.

- અહે. : માવજીભાઈ કરસન છભાડીયા (મંત્રી)

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૫૧/- ભીમજીભાઈ લખમણ ભુડિયા-સુખપર રોહા પૌત્ર જન્મની ખુશીમાં ભેટ.
૧૦૧/- પ્રેમજીભાઈ કાનજી છભાડીયા-ભુજ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના જન્મદિન નિમિત્તે ભેટ.
૧૦૦/- હરેન્દ્રભાઈ એસ. છાયા-ભુજ પૂ. સંતો તથા શ્રીહરિપ્રસન્નતાર્થે ભેટ.
૫૦૦/- કિશન પ્રેમજી કાનજી કેરાઈ-સુરજપર નવું ટ્રેકટર ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૧/- મહેશભાઈ મેઘાભાઈ રાજપૂત-ભીમાસર હાલે રાપર ચિ. કૃષ્ણાના જન્મ નિમિત્તે ભેટ.
૧૦૧/- મનોજભાઈ શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર)-માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- નરેશભાઈ શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર)- માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૫/- શામજી લક્ષ્મણ ભુડિયા હ. પુત્ર શિવજીભાઈ-નારાણપર ઉ.વા. ઘનશ્યામ મહારાજની ધજા નિમિત્તે ભેટ.
૧૧૦૦/- શ્રી સ્વામિ. મંદિર મસ્કત-ગાલા કેમ્પ શ્રી નરનારાયણ આદિ દેવોના અન્નકૂટ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦/- જાદવજી માવજી વેકરીયા-દહીંસરા ચિ. પુષ્પા તેમજ રમીલાબેનના લગ્ન પ્રસંગે ભેટ.
૧૫૧/- હરજી માવજી હીરાણી-ભક્તિનગર સુપુત્ર ચિ. જીલેશના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- અ.નિ. ઝીણા દેવજી વાઘાણી, હ. કાનજીભાઈ-સુખપર (જુ.વા.) તેમના મોક્ષાર્થે ભેટ.
૫૧/- સુધાબેન આર. પટેલ-રૂણ તા. સોજીત્રા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૦/- કાનજીભાઈ માવજી નાકરાણી-અંજાર-કચ્છ શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- હીરજીભાઈ દેવજી વરસાણી-કોડકી સુપુત્ર ચિ. હરિશના લગ્ન પ્રસંગે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- ગોવિંદભાઈ મણીલાલ વ્યાસ-માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૫/- રાજેશભાઈ જનકરાય ભટ્ટ-ભુજ ગવર્નમેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર તરીકે નિમણૂંક થતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦૦/- નાનજીભાઈ કુંવરજી વેકરીયા-કોડાય-માંડવી કથા પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૧૧/- જીતેન્દ્ર અરજણ ભુડિયા, ધ.પ. અમૃત, હ. કૌશલ તથા મયુર-માધાપર નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ.
૧૧૧/- નરેન્દ્ર અરજણ ભુડિયા હ. દિપેશ તથા ધીરેશ-માધાપર હાલે લંડન જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦૦/- વાલજી દેવશી વરસાણી-નારાણપર હાલે નૈરોબી સુપુત્ર ચિ. સુરેશ અને ચિ. દક્ષાના લગ્ન તથા અન્ય સેવા પ્રસંગે ભેટ.










(૧) અંજાર શ્રી સ્વા. મંદિરે પૂ. મહંત સ્વામીનું સ્વાગત કરતા યુવક મંડળના યુવાનો. (૨) શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારણપરમાં યોજાયેલ આર.એસ.એસનો પ્રાથમિક શિક્ષાવર્ગ. (૩) મુંબઈ થાણામાં યોજાયેલ તુલસી વિવાહના યજમાનશ્રીઓ. (૪) તુલસી વિવાહ પ્રસંગે લાલજી મહારાજની શોભાયાત્રા. (૫) પોથીયાત્રામાં જોડાયેલાં યજમાન બહેનો - માંડવી. (૬) કથાના વક્તાશ્રીનું પૂજન કરતા યજમાન શ્રી નાનજી બાપા - માંડવી. (૭) કથા શ્રવણ કરતા ભક્તો - માંડવી. (૮) મહારાજશ્રીની નગર યાત્રા - માંડવી.



## ઉજવાયેલા ઉત્સવની આછી ઝલક

(૧,૨,૩) શોભાયાત્રામાં ઉમંગ સાથે જોડાયા બહેનો (૪-૫) મહોત્સવના પૂર્વે દિવસે વિશાળ પોથીયાત્રામાં પોથીઓ સાથે યજમાન બહેનો. (૬) કથાને સંગીતનો સાથ આપતી સંગીત મંડળી (૭,૮,૯) વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. મહંત સ્વામી તેમજ પ.પૂ. મહારાજશ્રી આભાર વ્યક્ત કરતા પ.ભ. મંદિરના પ્રમુખશ્રી રામજીભાઈ (૧૦,૧૧,૧૨) ઠાકોરજીની મહાપ્રસાદ લેતા ભાવિક ભક્તજનો.

















(૧) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર નૈરોબી લેઝીમઅને બેન્ડ (૨) શિખર ઉપર ધ્વજા ફરકાવતા યજમાનો (૩) શ્રી ઠાકોરજીની આરતી કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મહંત સ્વામી (૪) સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતી શ્રી સ્વામિનારાયણ યુવતી મંડળની યુવતીઓ (૫) રાસોત્સવનો લાભ લેતા બહેનો. (૬) શ્રી પુ.આ.સ. સ્વામિનારાયણ મંદિરની બેન્ડ અને લેઝીમ (૭)..................આરતી ઉતારતા પૂ. સ્વામી (૮) યજમાનશ્રીને ઘેર મહાપૂજા.............

RNI No. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign) 2007-09

Shree Swaminarayan
Dharmasandesh

Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09










(૧) અંજાર શ્રી સ્વામિનારાયણ નૂતન મંદીરનું ભૂમિપૂજન કરતા પૂ. મહંત સ્વામી આદિ સંતો. (૨) મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા યજમાનશ્રીઓ. (૩) આચાર્યની પદવી પ્રાપ્ત કરી તેનું પ્રમાણપત્ર મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વીમને હસ્તે પ્રાપ્ત કરતા વિદ્યાર્થી સંતો. (૪) તુલસી વિવાહ કન્યા પક્ષ-વર પક્ષના યજમાનનો - માંડવી.